સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ અંતર્ગત ફેલો તરીકે નિમણૂક આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: GAD/MSM/e-file/1/2023/7162/ARTD2
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૪/૧૧/૨૦૨૩

વંચાણમાં લીધા:- (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫/૦૯/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:વહસ/૧૦૨૦૦૯ /૧૭૬૩/વસુતાપ્ર(૨)

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૪/૧૨/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: વહસ/૧૦૨૦૦૯/૧૭૬૩/વસુતાપ્ર(૨)

પ્રસ્તાવના:-

વંચાણમાં લીધેલ ઠરાવોથી મુખ્યમંત્રીશ્રી ફેલોશીપ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવેલ. યુવાવર્ગ રાજય અને દેશના વિકાસમાં શ્રેષ્ઠ ફાળો આપી શકે તે આ કાર્યક્રમનો ધ્યેય છે. ઠરાવોની જોગવાઇઓમાં સુધારા કરવાની બાબત વિચારણા હેઠળ હતી. સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

આ કાર્યક્રમ “સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ” તરીકે ઓળખાશે.

(૧) ફેલોશીપ કાર્યક્રમમાં પસંદગી પ્રક્રિયાને અંતે ૨૦ ફેલોને નિમણૂક આપવામાં આવશે, જો કે, વાસ્તવિક જરૂરિયાત સમય પર નક્કી કરવામાં આવશે.

(૨) આ કાર્યક્રમ માટે પસંદગી પામનાર ફેલોને માસિક સ્ટાઈપેન્ડ રૂા,૧,૦૦,૦૦૦+ રૂ.૧૦,૦૦૦/- (એલ.ટી.એ) આપવામાં આવશે.

(૩)આ કાર્યક્રમ અંગે ફેલોની બોલીઓ અને શરતો, વિવિધ વિભાગ/પ્રભાગ કચેરીઓ અને એજન્સીઓએ કરવાની કામગીરી, અલગ અલગ સમિતિઓની કામગીરી વિગેરે બાબતોને આવરી લઈ માર્ગદર્શિકા નિયત કરવામાં આવેલ છે જે પરિશિષ્ટ-૧ મુજબની રહેશે. જે મુજબ સબંધિતોએ કામગીરી હાથ ધરવાની રહેશે.

(૪)આ કાર્યક્રમનુ સમગ્ર સંકલન સામાન્ય વહીવટ વિભાગ, વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગના માર્ગદર્શન હેઠળ સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા(સ્પીપા), અમદાવાદ દ્વારા કરવામાં આવશે અને આ અંગેની ગ્રાન્ટ સ્પીપાના હવાલે મુકવાની રહેશે.

(૫) સ્પીપા દ્બારા બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં જાહેરાત આપીને સમાન પ્રવેશ, ખુલ્લી સ્પર્ધા અને પારદર્શક પસંદગીના સિધ્ધાંતોનુ પાલન કરીને ઓનલાઇન અરજીઓ મેળવવાની રહેશે.

(૬) આ કાર્યક્રમ અન્વયે પસંદગીની પ્રકીયા હાથ ધરવા જરૂરી કામગીરી અર્થે ચકાસણી અને શોર્ટલિસ્ટિંગ સમિતિ(SSC), પસંદગી સમિતિ (SC) અને ખાસ પસંદગી સમિતિ (SSC)નુ પરિશિષ્ટ–૧ માં દર્શાવ્યા મુજબ ગઠન કરવામાં આવેલ છે.

(૭) ચકાસણી અને શોર્ટલિસ્ટિંગ સમિતિ (SSC) આવેલ અરજીઓની ચકાસણી કરીને ઓછામાં ઓછા છ ગણા ઉમેદવારોના વ્યક્તિગત એકરાર IIM-અમદાવાદના નિષ્ણાત પાસે મુલ્યાંકન કરાવશે અને તે પૈકીના ઓછામાં ઓછા ત્રણ ગણા ઉમેદવારોની પેનલની પસંદગી સમિતિને ભલામણ કરશે. પસંદગી સમિતિ શૈક્ષણિક લાયકાત, વ્યક્તિગત નિવેદન અને રૂબરુ મુલાકાતના આધારે આ કાર્યક્રમના ધ્યેયો અને ઉમેદવારની સુસંગતતા ધ્યાને લઈ પસંદગી માટે ભલામણ કરશે.

(૮)આ કાર્યક્રમ અંતર્ગત નિમણૂક પામનાર ફેલોએ પ્રથમ સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, ઇસરો સામે, અમદાવાદ ખાતે હાજર થવાનુ રહેશે. જયાં તેમણે ૨ અઠવાડિયાની તાલીમ મેળવવાની રહેશે. સ્પીપા દ્બારા IIM અમદાવાદના સહયોગથી ફેલો માટેની તાલીમનું આયોજન કરવાનુ રહેશે અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવાનુ રહેશે. તાલીમ કાર્યક્રમની મુખ્ય બાબતો પરિશિષ્ટ–૩ મુજબ રહેશે.

(૯)આ કાર્યક્રમમાં નિમણૂક મેળવનાર ફેલો પાસેથી આ સાથે સામેલ પરિશિષ્ટ– ૪ મુજબનુ બાંહેધરી પત્રક તથા નિયમોનુસારનુ મેડીકલ પ્રમાણપત્ર મેળવી લેવાના રહેશે.

(૧૦) નિમણૂક પામેલ ફેલોને સરકારશ્રીની જુદી જુદી યોજનાઓ/પ્રોજેકટ માટે સબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરીમાં ફાળવણી કરવામાં આવશે અને સબંધિત ફેલોને માર્ગદર્શક ફાળવવામાં આવશે. જે આ સાથે સામેલ પરિશિષ્ટ–૨ મુજબ રહેશે. ફેલોની ફાળવણી અને માર્ગદર્શક અંગે સક્ષમ કક્ષાએ મંજુરી મેળવી જરૂરી ફેરફાર કરી શકાશે.

(૧૧) સબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરી દ્બારા ફેલોની નોંધાયેલ હાજરીના આધારે દરમાસની ત્રીજી તારીખ સુધીમાં સ્પીપા અમદાવાદને પ્રમાણપત્ર મોકલી આપવાનુ રહેશે જેના આધારે સ્પીપા અમદાવાદ દ્બારા સમયસર સ્ટાઈપેન્ડની ચુકવણી મોડામાં મોડી દરમાસની ૭મી તારીખ સુધીમાં અચૂક કરવાની રહેશે.

(૧૨) જે વિભાગ/ખાતાના વડાની કચેરીમાં ફેલો મુકવામાં આવે તેમના માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) બેઠક વ્યવસ્થા અને સ્વતંત્ર લેપટોપ

(૨) ફેલોની કામગીરીનો વર્કચાર્ટ તૈયાર રાખવો.

(૩) ફેલોને પ્રોજેકટ માટે મુસાફરી કરવાની થાય તો વાહન ઉપલ્બ્ધ કરાવવું.

(૪) ફેલોની હાજરી અંગેનુ પ્રમાણપત્ર દરમાસની ત્રીજી તારીખ સુધીમાં સ્પીપા અમદાવાદને અવશ્ય મોકલી આપવું.

(૫) ફેલો ત્રિમાસિક અહેવાલ સમયસર સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા(સ્પીપા), અમદાવાદને મોકલી આપે તે સુનિશ્ચીત કરવું.

(૧૩) આ કાર્યક્રમ માટેનો ખર્ચ બજેટ સદર ખર્ચ ડીમાન્ડ નં.૩૩, મેજરહેડ–૨૦૫૨–સચિવાલય, સામાન્ય સેવાઓ, સબ મેજર હેડ–૦૦, માઈનોર હેડ–૦૯૦–સચિવાલય, સબ હેડ–૧૦– મુખ્યમંત્રીશ્રીનો ફેલોશીપ પ્રોગ્રામ–નોન પ્લાન ખાતે ઉધારવાનો રહેશે.

(૧૪) પ્રસ્તુત કાર્યકમના અમલ માટે અંદાજીત ૩.૫ કરોડ ના ખર્ચને ધ્યાને લઇને ચાલુ વર્ષ દરમ્યાન રૂા. ૫૧,૦૦,૦૦૦/–(એકાવન લાખ પુરા)નો ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે તથા અન્ય જોગવાઈ આગામી નાણા વર્ષમાં કરવામાં આવશે.

(૧૫) આ ઠરાવ અને સાથે સામેલ પરિશિષ્ટ– ૧ થી ૪ ની જોગવાઇઓનુ પાલન કરવા જણાવવામાં આવે છે.

(૧૬) આ કાર્યક્રમનો પ્રગતિ અહેવાલ નિયમિત ધોરણે સામાન્ય વહીવટ વિભાગ વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ મારફતે માન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયને સાદર કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ક્રમાંક પર નાણા વિભાગની તા. ૧૦/૧૧/૨૦૨૩ અને સરકારશ્રીની તા. ૨૪/૧૧/૨૦૨૩ થી મળેલ મંજુરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: RAJENDRASINH K RATHOD
Organization Unit: General Administration Department, ARTD Division
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 24-Nov-2023 (07:44 PM)

(રાજેન્દ્રસિંહ રાઠોડ)
સરકારના નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

- ❖ માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- ➢ માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકારશ્રી/ સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ➢ માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ➢ માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- ➢ મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ,ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેક્ટર-૧૦, ગાંધીનગર
- મહાનિદેશકશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ
- નાયબ સેકશન અધિકારીની સીલેક્ટ ફાઇલ.
- શાખા સીલેક્ટ ફાઇલ.
    - પત્ર દ્વારા

( સા.વ.વિ. ઠરાવ ક્રમાંક GAD/MSM/e-file/1/2023/7162/ARTD2 તા. ૨૪/૧૧/૨૦૨૩ નુ બિડાણ)

પરિશિષ્ટ–૧

સરકારમાં ફેલોની નિમણૂંક માટેની પ્રક્રિયા અને માર્ગદર્શિકા

ગુજરાત સરકારમાં ફેલોની નિમણૂક/ફેલોના જોડાણ માટેની કાર્યપદ્ધતિ અને માર્ગદર્શિકા રદ કરીને નીચે મુજબની કાર્યપદ્ધતિ અને માર્ગદર્શિકામાં જ્યાં સુધી આ માર્ગદર્શિકામાં સુધારો કરવામાં ન આવે કે નવી માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી નિયત કરવામાં આવે છે આ માર્ગદર્શિકા પ્રસિદ્ધ થયા તારીખથી અમલી બનશે.

યોજનાનો હેતુ અને અવકાશ

હેતુ – નીતિનિર્માણ અને સેવા વિતરણ પ્રક્રિયાઓમાં આધુનિક અને અસરકારક અભિગમનો ઉપયોગ કરીને ગુજરાત રાજ્યમાં સુશાસનની દિશામાં યોગદાન આપવું, સરકારી વિભાગોમાં પરિવર્તન માટે ઉત્પ્રેરક તરીકે સેવા આપવી, નવીનતા કાર્યક્ષમતા અને શ્રેષ્ઠતાનું વાતાવરણ ઊભું કરવું.

વ્યાખ્યા: નીચેની વ્યાખ્યા વર્તમાન સૂચનાઓના હેતુ માટે લાગુ પડે છે

૨.૧ ફેલો એટલે સીએમ ફેલો જેમને તેમના અનુભવના આધારે તેમના નિયુક્ત કાર્યક્ષેત્ર પર નિમવામાં આવશે તેઓ સ્વતંત્ર નિષ્ણાતો રહેશે. જે કોઈ ચોક્કસ સંસ્થા સાથે કાયમી રૂપે સંકળાયેલા ન હોય અથવા તેઓ વ્યક્તિગત ધોરણે ભરતી કરેલી સંસ્થાના કર્મચારી પણ હોઇ શકે. તેઓ સામાન્ય રીતે પ્રોજેક્ટ અમલીકરણ દેખરેખ, ઉચ્ચ તકનીકી વિષય પર વિશિષ્ટ નિષ્ણાત તરીકે રહેશે સલાહ, નીતિ માર્ગદર્શન, વિશેષ અભ્યાસ, અનુપાલન દેખરેખ, તાલીમ અથવા અમલીકરણ દેખરેખ માટે ભરતી કરવામાં આવે છે.

૨.૨ "CM ફેલોશિપ" સલાહ અથવા વ્યાવસાયિક પ્રકારની સેવાઓને આવરી લેતી શ્રેણી છે જે ફેલો દ્વારા પ્રદાન કરવામાં આવે છે. આ સેવાઓમાં સામાન્ય રીતે નિષ્ણાત અથવા વ્યૂહાત્મક સલાહ પૂરી પાડવાનો સમાવેશ થાય છે દા.ત. સંચાલન, નીતિ કે સંચાર. સલાહકાર અને પ્રોજેક્ટ સંબંધિત સેવાઓ જેમાં, ઉદાહરણ તરીકે, શક્યતા અભ્યાસ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ, એન્જિનિયરિંગ સેવાઓ, આર્કિટેક્ચરલ સેવાઓ, ફાઇનાન્સ એકાઉન્ટિંગ અને કરવેરા સેવાઓ, તાલીમ અને વિકાસ વગેરેનો સમાવેશ થાય છે.

૨.૩ આ માર્ગદર્શિકાના હેતુ માટે સક્ષમ અધિકારી તરીકે અગ્ર સચિવશ્રી(વસુતાપ્ર) રહેશે અથવા કોઈ પણ અધિકારી કે જેને અગ્ર સચિવશ્રી(વસુતાપ્ર) દ્વારા નિયુક્ત કરવામાં આવશે તે રહેશે.

૨.૪ "સ્ટાઇપેન્ડ"નો અર્થ છે સંકલિત ચુકવણી કે જે ગુજરાત સરકાર દ્વારા માસિક ધોરણે ફેલોને નિમણૂકની શરતો અનુસાર દર મહિને કરવામાં આવશે અને તે પગારની શ્રેણીમાં આવશે નહીં.

૩. ફેલોશિપ નિયમો અને શરતો

૩.૧ કાનૂની દરજ્જો: ફેલો પાસે સ્વતંત્ર ફેલોનો કાનૂની દરજ્જો રહેશે અને તેને કોઈપણ હેતુ માટે, ગુજરાત સરકારના "સ્ટાફ મેમ્બર" તરીકે અથવા ગુજરાત સરકારના "અધિકારી/કર્મચારી" તરીકે ગણવામાં આવશે નહીં.

૩.૨ વર્તણૂકના ધોરણો:

૩.૨.૧ ફેલો તેમની કામગીરીના સંદર્ભમાં ગુજરાત સરકાર સિવાયના કોઈપણ સત્તાધિકારી પાસેથી સૂચના માંગશે નહીં કે સ્વીકારશે નહીં, ફેલો તેમની કામગીરીના સમયગાળા દરમિયાન સરકારના હિતોને પ્રતિકૂળ અસર કરે તેવા કોઈ પગલાં ભરશે નહીં.

ફેલો ગુજરાત સરકારના હિતોને સંપૂર્ણ રીતે ધ્યાનમાં રાખીને તેમની જવાબદારીઓ નિભાવશે ફેલો ગુજરાત સરકારના કોઈપણ પ્રતિનિધિ, અધિકારી/કર્મચારી અથવા અન્ય કામગીરીથી ઉદ્દભવતા અથવા તેના સંબંધિત કોઈપણ પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ મેળવશે નહી. રાજ્યના તમામ કાયદાઓ, વટહુકમો, નિયમોનું અને વર્તણૂકના ધોરણોનું પાલન કરશે. કામગીરી દરમ્યાન ફેલો વર્તુણકના ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો તેની ફેલોશીપનો અંત લાવવામાં આવશે.

જાતીય શોષણ અને દૂર વ્યવહાર પર પ્રતિબંધ

ફેલોએ તેમની કામગીરી દરમ્યાન કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણી એક્ટ-૨૦૧૩નું અને ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા આ સંદર્ભે પ્રસિદ્ધ કરવામાં આવેલ કાયદા અને નિયમો અથવા કાયદા અથવા નિયમોમાં કરવામાં આવેલ સુધારાનું પાલન કરવાનું રહેશે તથા આ જોગવાઈઓનું ઉલ્લંઘન એ ફેલોશિપની શરતોનો ભંગ થયેલ ગણવામાં આવશે અને જેથી ફેલોશીપનો અંત લાવવા સહિતની સજાની જોગવાઈ કરવાની રહેશે.

વધુમાં, ઉક્ત કાયદા/નિયમનો ભંગ થયેથી સંબંધિત સત્તાધિકારીને યોગ્ય રીતે કાનૂની કાર્યવાહી કરવામાં ગુજરાત સરકાર બંધનકર્તા રહેશે નહીં.

૩.૩ અધિકારો, કોપીરાઈટ્સ, પેટન્ટ્સ અને અન્ય માલિકીના અધિકારો:

૩.૩.૧ રાજ્ય સરકાર દ્વારા સંબંધિત ફેલોને પુરા પાડવામાં આવેલ કોઈપણ સાધન કે સંસાધનની માલિકી ગુજરાત સરકારની રહેશે અને આ ફેલોશીપ પૂર્ણ થયેથી અથવા જરૂરિયાત પૂર્ણ થયેથી સંબંધિત વિભાગ/કચેરીને આ સાધનો પરત કરવાના રહેશે આ સાધન ફેલો અને જે તે વિભાગ કે કાર્યસ્થળ દ્વારા જે સ્થિતિમાં આપવામાં આવ્યા હોય તે જ સ્થિતિમાં પરત કરવાના રહેશે વધુમાં આ સાધનના સામાન્ય ઘસારા સિવાય થયેલ નુકશાનીની ગુજરાત સરકારને ભરપાઈ કરવા માટે ફેલો બંધનકર્તા રહેશે.

૩.૩.૨ ગુજરાત સરકાર તમામ બૌદ્ધિક સંપત્તિ અને અન્ય માલિકીના હકો માટે હકદાર રહેશે, જેમાં પેટન્ટ, કોપીરાઈટ અને ટ્રેડમાર્કનો સમાવેશ થાય છે, જે ઉપરાંત ઉત્પાદનો, પ્રક્રિયાઓ, શોધો, વિચારો, જાણકારીઓ અથવા દસ્તાવેજોના સંદર્ભમાં, અને અન્ય સામગ્રી કે જે ફેલોએ ફેલો પ્રોગ્રામ હેઠળ ગુજરાત સરકાર માટે વિકસાવી હશે અને જે ફેલો પ્રોગ્રામની કામગીરીના પરિણામે અથવા તે દરમિયાન ઉત્પાદન અથવા તૈયાર અથવા એકત્રિત કરવામાં આવશે. અથવા આ કામગીરી સાથે સંકળાયેલ તમામ બાબતો કે ઉત્પાદનો, દસ્તાવેજો અને અન્ય સામગ્રીઓ માટે ગુજરાત સરકારમાં નિમણૂંક દરમિયાન કરવામાં આવેલ કાર્યોનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત જોગવાઈને આધીન, તમામ નકશા, રેખાંકનો, ફોટોગ્રાફ્સ, મોઝેઇક, યોજનાઓ, અહેવાલો, અંદાજો, ભલામણો, દસ્તાવેજો અને અન્ય તમામ ડેટા ફેલો પ્રોગ્રામ હેઠળ અથવા આવા ફેલો પ્રોગ્રામના પરિણામે ફેલો દ્વારા સંકલિત અથવા પ્રાપ્ત કરવામાં આવશે તેના પર ગુજરાત સરકારની માલિકી રહેશે અને ગુજરાત સરકાર દ્વારા વાજબી સમયે અને વાજબી સ્થળોએ ઉપયોગ અથવા નિરીક્ષણ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેને ગોપનીય માનવામાં

આવશે અને ફેલો પ્રોગ્રામ હેઠળ કામ પૂર્ણ થયા પછી માત્ર ગુજરાત સરકારના અધિકૃત અધિકારીઓને જ પહોંચાડવાના રહેશે, જેની ફેલોએ બાંહેધરી અને સંમતિ આપવાની રહેશે.

– દસ્તાવેજો અને માહિતીની ગોપનીયતા:

ફેલો ગુજરાત રાજ્યમાં લાગુ થતા સંબંધિત ગોપનીયતાના કાયદા અને નિયમોની જોગવાઈઓને આધીન કામગીરી કરવાની રહેશે. ફેલો, ગુજરાત સરકારની પૂર્વ મંજુરી સિવાય તેમની ફરજો અંગે કોઈ પુસ્તક અથવા લેખોનું સંકલન પ્રકાશિત કરી શકશે નહીં અથવા ટીવી/રેડિયો પ્રસારણ/સોશિયલ મીડિયામાં ભાગ લઈ શકશે નહીં અથવા લેખનું યોગદાન આપી શકશે નહીં અથવા લખી શકશે નહીં. કોઈપણ અખબારો અથવા સામયિકમાં તેમના પોતાના નામે અથવા અજ્ઞાત રૂપે અથવા અન્ય કોઈ વ્યક્તિના નામે અથવા ઉપનામથી પત્ર લખી શકશે નહી. ગુજરાત સરકાર દ્વારા તેમને સોંપવામાં આવેલ વિષય સાથે સંબંધિત હોય તે પ્રકારનું પુસ્તક, લેખ, પ્રસારણ અથવા પત્ર આ ફેલો (ઉપરના પેરા 3.3.2 માં વર્ણવ્યા પ્રમાણે) શેર કરી શકશે નહીં.

ફેલો પ્રોગ્રામ પૂર્ણ કર્યા પછી અથવા પુર્ણ થયા પહેલાં ફેલોશીપના અંતના તમામ સંબંધીત દસ્તાવેજો, સંદેશા વ્યવહાર, અહેવાલો વગેરે સંબંધિત અધિકારીઓને યોગ્ય રીતે સોંપી દેવાના રહેશે તેમજ ગોપનીયતા, કાયદા અને નિયમની જોગવાઈઓની જવાબદારીઓ તમામ હેતુ માટે લાગુ પડશે.

૩.૫ ગુજરાત સરકારના નામ, પ્રતીક અથવા અધિકૃત સીલનો ઉપયોગ: ગુજરાત સરકારની લેખિત પરવાનગી વિના નામ, પ્રતિક અથવા અધિકૃત સીલનો વ્યવસાયીક હેતુ અથવા અન્ય હેતુ માટે ઉપયોગ કરશે નહી.

૩.૬ વીમો: આ ફેલોશીપ દરમ્યાન જીવન, આરોગ્ય અથવા અન્ય જરુરી પર્યાપ્ત વિમો તેમના પોતાના ખર્ચે કરાવી લેવાની ફેલોની જવાબદારી રહેશે.

૩.૭ મુસાફરી, મેડિકલ ક્લિયરન્સ અને સેવા–મૃત્યુ, ઈજા અથવા માંદગી:

૩.૭.૧ ફેલો એ ગુજરાત સરકારની કોઈપણ કચેરીઓ અથવા પરિસરમાં કામ શરૂ કરતાં પહેલાં નોંધાયેલા ચિકિત્સક પાસેથી સારા સ્વાસ્થ્યનું પ્રમાણપત્ર મેળવી ગુજરાત સરકારને રજૂ કરવાનું રહેશે.

૩.૭.૨ ફેલો ગુજરાત સરકાર અથવા ગુજરાત સરકારની કોઈપણ કચેરીમાં ફેલો પ્રોગ્રામની નિમણૂંકની શરતો હેઠળ જવાબદારી નિભાવી રહ્યા હોય તે દરમિયાન વ્યક્તિગત મૃત્યુ ઇજા અથવા માંદગીના કિસ્સામાં ફેલો અથવા ફેલોના આશ્રિતો કોઈપણ વળતર મેળવવા માટે હકદાર રહેશે નહીં કે આ સમયગાળા દરમિયાન તબીબી વળતર ઉપલબ્ધ થશે નહીં. રોજગાર/પેન્શન/ બોનસ/એલટીસી/ રજાનું રોકડ રૂપાંતર/એડવાન્સ અથવા અન્ય કોઈપણ નાણાકીય લાભ રાજ્ય સરકાર તરફથી પ્રાપ્ત થશે નહીં. કર્મચારીના મૃત્યુના કિસ્સામાં તેના દ્વારા આપવામાં આવેલ ફરજના સમય માટે સ્ટાઈપેન્ડ/માનદ રકમની બાકી રકમ કર્મચારીના પરિવારને ચૂકવવા પાત્ર રહેશે તે સિવાય અન્ય એક્સગ્રેસીયા, કાયમી રોજગાર જેવા લાભો અથવા કોઈપણ પ્રકારના લાભો આપવામાં આવશે નહીં.

૩.૮ કુદરતી આપત્તિ અને અન્ય શરતો:

૩.૮.૧ "કુદરતી આપત્તિ"નો અર્થ છે પ્રકૃતિની કોઈપણ અણધારી અને અનિવાર્ય ક્રિયા, યુદ્ધની કોઈપણ ક્રિયા (પછી જાહેર કરવામાં આવેલ હોય કે ન હોય), આક્રમણ, ક્રાંતિ, બળવો અથવા સમાન પ્રકૃતિ અથવા બળના અન્ય કોઈપણ કૃત્યો, જો કે આવા કૃત્યો નિયંત્રણની બહારના કારણોથી અને કોઈપણ ફેલોની ભૂલ અથવા બેદરકારી વિના ઉદભવે છે.

૩.૮.૨ ફેલો સ્વીકારે છે અને સંમત થાય છે કે, ફેલો પ્રોગ્રામ હેઠળની કોઈપણ જવાબદારીઓના સંદર્ભમાં કે જેમાં ગુજરાત સરકાર રોકાયેલ છે, તેમાં સામેલ થવાની તૈયારી કરી રહી છે અથવા કોઈપણ શાંતિ રક્ષા, માનવતાવાદી,

માનવતાવાદી કાર્યમાં સામેલ થવાની તૈયારી કરી રહી છે તેવા કોઈપણ ક્ષેત્રોમાં અથવા તેના માટે ફરજ બજાવે છે, અથવા સમાન કામગીરી, આવા વિસ્તારોની અંદરની કઠીન પરિસ્થિતિઓથી અથવા આવા વિસ્તારોમાં બનતી નાગરિક અશાંતિની કોઈપણ ઘટનાઓથી ઉદભવતી અથવા સંબંધિત જવાબદારીઓને પૂર્ણ કરવામાં કોઈપણ વિલંબ અથવા નિષ્ફળતા, ફેલો પ્રોગ્રામ હેઠળ બળપ્રયોગની રચના કરશે નહીં.

૩.૯ સમાપ્તિ:

ગુજરાત સરકાર કોઈપણ સમયે આગોતરી સૂચના વિના અને તેનું કોઈ કારણ આપ્યા વિના ફેલો અથવા ફેલોશીપ પ્રોગ્રામને સમાપ્ત કરી શકે છે. સોંપાયેલ કાર્યની કામગીરીમાં ગંભીર નિષ્ફળતાના કિસ્સામાં અથવા નિર્ધારિત આચારના નિયત ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળતાના કિસ્સામાં ગુજરાત સરકાર કોઈ પણ તબક્કે ફેલોની સેવાઓને સમાપ્ત કરવાનો અધિકાર આ માર્ગદર્શિકાઓના પેરા 3.2 મુજબ અનામત છે. જો કે, સામાન્ય સંજોગોમાં, ગુજરાત સરકાર ફેલોને એક મહિનાની નોટિસ આપશે તથા ગુજરાત સરકારને એક મહિનાની નોટિસ આપીને ફેલો પણ ફેલો પ્રોગ્રામને સમાપ્ત કરવાની માંગ કરી શકશે.

૩.૧૦ ઓડિટ અને તપાસ:

ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલી દરેક ચૂકવણી ગુજરાત સરકારના આંતરિક કે બાહ્ય, ઓડિટર્સ દ્વારા અથવા ગુજરાત સરકારના અન્ય અધિકૃત અને લાયકાત ધરાવતા એજન્ટો દ્વારા કોઈપણ સમયે પોસ્ટ–પેમેન્ટ ઓડિટને આધીન રહેશે. ફેલો પ્રોગ્રામની મુદત દરમિયાન અને ફેલો પ્રોગ્રામની પૂર્વ સમાપ્તિ અથવા સમાપ્તિ પછીના એક (૧) વર્ષના સમયગાળા માટે, ફેલો પ્રોગ્રામના નિયમો અને શરતો અનુસાર ગુજરાત સરકાર દ્વારા ચૂકવવામાં આવેલ આવા ઓડિટ દ્વારા દર્શાવવામાં આવેલી કોઈપણ રકમ માટે ગુજરાત સરકાર ફેલો પાસેથી રિફંડ મેળવવા માટે હકદાર રહેશે. સમય સમય પર, ગુજરાત સરકાર ફેલો પ્રોગ્રામના કોઈપણ પાસાઓ અથવા તેના પુરસ્કાર, ફેલો પ્રોગ્રામ હેઠળ નિભાવવામાં આવતી જવાબદારીઓ અને વ્યક્તિની કામગીરીને લગતી તપાસ કરી શકે છે. જે અંગે ફેલોએ સ્વીકાર કરી સંમતિ આપવાની રહેશે.

સામાન્ય રીતે ફેલો પ્રોગ્રામની કામગીરીના સંદર્ભમાં ફેલોની તપાસ કરવાનો ગુજરાત સરકારનો અબાધિત અધિકાર રહેશે અને આવી તપાસનું પાલન કરવાની જવાબદારી ફેલોની રહેશે. ફેલો પ્રોગ્રામની પૂર્વ સમાપ્તી અથવા સમાપ્તિ થવા પર પણ આવી તપાસ ચાલુ રહેશે. ફેલો આવા નિરીક્ષણો, પોસ્ટ–પેમેન્ટ ઑડિટ અથવા તપાસમાં સંપૂર્ણ અને સમયસર સહકાર પ્રદાન કરશે. આવા સહકારમાં આવા હેતુઓ માટે વાજબી સમયે અને વાજબી શરતો પર આવા વ્યક્તિગત અને કોઈપણ સંબંધિત દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવાની અને ગુજરાત સરકારને ફેલોના પરિસરમાં વાજબી રીતે પ્રવેશ આપવા માટે ફેલોની જવાબદારીનો સમાવેશ થાય છે.

૩.૧૧ વિવાદોનું સમાધાન:

કાયદાનો અમલ: ફેલો પ્રોગ્રામ ગુજરાત રાજ્ય/ભારત સરકારના કાયદા દ્વારા સંચાલિત થશે અને તે ગુજરાતની અદાલતોના વિશિષ્ટ અધિકારક્ષેત્રને આધીન રહેશે.

કામગીરીની શરતો

૪.૧ વિભાગ/ખાતાના વડાઓ વિગતવાર કામગીરીની શરતો (TOR) તૈયાર કરવા માટે જવાબદાર છે. આ કામગીરીની શરતોમાં ફેલો દ્વારા કરવામાં આવનાર કામગીરીનું વર્ણન આપશે. કામગીરીની શરતો સંબંધિત વિભાગ/ખાતાના વડા દ્વારા નિયત ફોર્મેટમાં તૈયાર કરવામાં આવશે અને આપેલ સમયપત્રકમાં વહીવટી વિભાગ/સબંધિત ઓથોરીટીને સબમિટ કરવામાં આવશે.

૪.૨ કામગીરીની શરતો ફરજિયાત છે અને તે ફેલો કાર્યક્રમનો ભાગ બનશે

કામગીરીની શરતોમાં ફેલોએ શું કામગીરી કરવાની છે અને શું તેમની પાસેથી અપેક્ષા છે એનો સમાવેશ કરવાનો રહેશે જેમાં ચોક્કસ કામગીરી અને ચોક્કસ લક્ષ્યાંકો નિર્ધારિત કરવાના રહેશે, જેની સમયાંતરે મુલવણી થઈ શકે તેવા અને પરિણામલક્ષી હોવા જોઈએ.

૪.૩ આ કામગીરીની શરતો સંબંધિત વિભાગ/ખાતાના વડાએ તૈયાર કરી વહીવટી વિભાગ/સંબંધિત ઓથોરીટીને આપવાની રહેશે

૫.સામાન્ય નિયમો અને શરતો

નિમણૂંકનો સમયગાળો:

૫.૧ ફેલો એક વર્ષના નિશ્ચિત સમયગાળા માટે રોકવાના રહેશે, જે એક સમયે એક વર્ષ સુધી લંબાવી શકાશે. જો કે, પ્રથમ વર્ષ પછી તેમની કામગીરીના વાર્ષિક મૂલ્યાંકનની સમીક્ષા કરી સંબંધિત હોદ્દા પર ચાલુ રાખવા વિચારણા કરવાની રહેશે. ગુજરાત સરકારની મંજુરીથી અસાધારણ કિસ્સામાં બે વર્ષ ઉપરાંત વધુ એક વર્ષ માટે વિચારણા કરી શકાશે.

૫.૨ નિયત કરેલ જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારોને ફેલો તરીકે નિમણૂક આપી શકાશે.

૫.૩ ફેલો પૂર્ણ સમયના ધોરણે રોકાયેલા રહેશે. ફેલોને ગુજરાત સરકાર સાથેની તેમની નિમણૂંકના સમયગાળા દરમિયાન અન્ય કોઈ કામગીરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

૫.૪ ફેલોની નિમણૂંક સંપુર્ણ હંગામી રહેશે અને ગુજરાત સરકાર કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ સમયે ફેલોની નિમણૂંક રદ કરી શકશે.

૫.૫ ફેલોની સંખ્યા- ફેલોની કુલ સંખ્યા ૨૦ રહેશે. જો કે, વાસ્તવિક જરૂરિયાત સમય પર નક્કી કરવામાં આવશે.

૬. શૈક્ષણિક લાયકાત, ઉંમર અને અનુભવ નીચે મુજબ રહેશે:

૬.૧ શૈક્ષણિક લાયકાત:

(૧) ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ન્યૂનતમ ૬૦% સાથે ઉત્તીર્ણ

(૨) ન્યૂનતમ ૬૦% સાથે સ્નાતકની ડિગ્રી

(૩) રાષ્ટ્રીય મહત્વની સંસ્થાના ફેલોને વધુ મહત્વ આપવામાં આવશે.

૬.૨ ઉંમર:

અરજી કરવાની છેલ્લી તારીખે ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

૬.૩ અનુભવ:

સબંધિત વિષયનો ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ

૭. વળતર અથવા અનુદાન: ફેલોને યોગ્ય મંજૂરી સાથે મુખ્યમથક સિવાય અન્ય સ્થળે પ્રવાસની જરૂર પડે તે કિસ્સામાં તેમને નીચે દર્શાવેલ વિગતે વળતર અથવા એડવાન્સની મંજૂરી આપવામાં આવશે:-

| હોદ્દો | મુસાફરીનો પ્રકાર | હોટેલ, ટેક્સી અને ફુડના બીલનું રીએમ્બર્સમેન્ટ |
|---|---|---|
| ફેલો | હવાઇયાત્રા ઈકોનોમી ક્લાસમાં અથવા રેલવે દ્વારા એસી ટુ ટાયરમાં | ગુજરાત સરકારના વર્ગ-૧ અધિકારીના નિયમ મુજબ |

૮. પસંદગી પ્રક્રિયા

૮.૧ ફેલોની પસંદગી માર્ગદર્શિકામાં સમાવિષ્ટ જોગવાઈઓ તેમજ ફેલોશિપ અને અન્ય સેવાઓની પ્રાપ્તિ માટેની માર્ગદર્શિકા, (સમયાંતરે સુધારેલા અનુસાર) કરવામાં આવશે.

૮.૨ ગુજરાત સરકાર તેની સત્તાવાર વેબસાઇટ પર તેમજ બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં જાહેરાત આપશે.)

૮.૩ નોંધ: સરદાર પટેલ ગુડ ગવર્નન્સ મુખ્યમંત્રી ફેલોશીપ માટે રસ ધરાવતા અરજદારો સ્પીપાની વેબસાઈટ – https://spipa.gujarat.gov.in/ પર અરજી કરી શકશે, અરજી ફી રૂ.૫૦૦/- રહેશે. આ ફેલોશીપમાં સમાન પ્રવેશ, ખુલ્લી સ્પર્ધા અને પારદર્શક પસંદગીના સિદ્ધાંતોનું પાલન કરવામાં આવશે.

૮.૪ ચકાસણી સમિતિ પોર્ટલ પર ઉપલબ્ધ અરજદારોના અરજીમાંથી જરુરીયાતના ફેલોની સંખ્યાના આધારે પાત્ર અરજદારોને શોર્ટલિસ્ટ કરશે.

ચકાસણી અને શોર્ટલિસ્ટિંગ સમિતિ (SSC) ની રચના નીચે મુજબની રહેશે:

| | |
|---|---|
| મહાનિદેશક, સ્પીપા | અધ્યક્ષ |
| નાયબ મહાનિદેશક, સ્પીપા | સભ્ય સચિવ |
| નાયબ સચિવ(આયોજન) | સભ્ય-૧ |
| નાયબ સચિવ(વસુતાપ્ર) | સભ્ય-૨ |
| માન. મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાથી નિમાયેલ એક અધિકારી | સભ્ય-૩ |

૮.૫ ચકાસણી અને શોર્ટલિસ્ટિંગ સમિતિ (SSC):

લાયક અરજદારોને શોર્ટલિસ્ટ કરશે. વધુ અરજીના કિસ્સામાં ઓછામાં ઓછા છ ગણા ઉમેદવારોના વ્યક્તિગત એકરાર IIM-અમદાવાદના નિષ્ણાત પાસે મુલ્યાંકન કરાવશે અને તે પૈકીના ઓછામાં ઓછા ત્રણ ગણા ઉમેદવારોની પેનલની પસંદગી સમિતિને ભલામણ કરશે. શોર્ટલીસ્ટ કરાયેલ અરજીઓ પસંદગી સમિતિ સમક્ષ રજુ કરશે.

પસંદગી સમિતિ (SC):-

| | |
|---|---|
| અ.મુ.સચિવશ્રી,સા.વ.વિ | અધ્યક્ષ |
| મહાનિદેશકશ્રી, સ્પીપા | સભ્ય-૧ |
| સચિવશ્રી, આયોજન | સભ્ય-૨ |
| IIM, અમદાવાદના તજજ્ઞ | સભ્ય-૩ |
| નાયબ સચિવ(વસુતાપ્ર) | સભ્ય સચિવ |

| | |
|---|---|
| સી.એમ. કાર્યાલયમાંથી નિમાયેલ એક અધિકારી | સભ્ય–૫ |

૮.૬ પસંદગી સમિતિ (SC)ના અધ્યક્ષની મંજૂરી સાથે ઉપરોક્ત સભ્યો ઉપરાંત કેસ–દર–કેસ આધારે પસંદગી સમિતિ (SC) માં બાહ્ય નિષ્ણાતોનો સમાવેશ કરી શકાશે. આ સમિતિ જરૂરિયાત મુજબ યોગ્ય ઉમેદવારોની પસંદગી માટે તેની પોતાની પદ્ધતિ નિયત કરી શકશે.પસંદગી સમિતિ યોગ્ય ઉમેદવારોની પસંદગી કરશે અને ભલામણની તારીખથી એક વર્ષની અવધિ માટે પ્રતિક્ષા યાદી પણ તૈયાર કરશે.

પસંદગી પ્રક્રિયાનું માળખુ નીચે મુજબ રહેશે:

૧. શૈક્ષણિક લાયકાત અને કાર્ય અનુભવ માટે –૪૦% ભારાંક (ચકાસણી અને શોર્ટલિસ્ટિંગ સમિતિ દ્વારા)

| ક્રમ | લાયકાત | માપદંડ | ગુણ | મહત્તમ માર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | સ્નાતક | સ્નાતક ડીગ્રીમાં ૬૦% થી ૭૫% સુધી | ૫ | ૧૦ |
| | | ૭૫% થી વધારે | +૫ | |
| ૨ | અનુસ્નાતક | ૬૦% થી ૭૫% સુધી | ૫ | ૧૦ |
| | | ૭૫% થી વધારે | +૫ | |
| ૩ | શ્રેષ્ઠ સંસ્થાઓ | રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓમાંથી સ્નાતક અથવા અનુસ્નાતક ડીગ્રી (IIT/IIM/IISc,AIIMS,NATIONAL Law University,IARI(PUSA) | ૧૦ | ૧૦ |
| ૪ | સબંધિત વિષયનો અનુભવ | ૩ થી ૫ વર્ષ સુધીનો કામનો અનુભવ | ૫ | ૧૦ |
| | | ૫ વર્ષથી વધારેનો અનુભવ | +૫ | |
| | | | | ૪૦ |

૨. વ્યક્તિગત એકરાર –૨૦% ભારાંક (IIM-અમદાવાદ દ્વારા મુલ્યાંકન કરવામાં આવશે.)

૩. રૂબરૂ મુલાકાત– ૪૦% ભારાંક (પસંદગી સમિતિ દ્વારા)

૮.૭ ગુજરાત સરકારની મંજૂરીથી અમુક અસાધારણ કેસોમાં અને સમયની તાકીદમાં અને સંપૂર્ણ વાજબીપણા સાથે, એક જ સ્ત્રોતમાંથી પસંદગીને પણ ધ્યાનમાં લઈ શકાય છે, જેના માટે અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ અધ્યક્ષ સ્થાને ખાસ પસંદગી સમિતિ રહેશે, જેમાં મહાનિર્દેશક, સ્પીપા અને IIM- અમદાવાદ, IIT-ગાંધીનગર અથવા અન્ય નામાંકિત સંસ્થા પૈકી કોઈ એક સંસ્થાના એક સભ્ય રહેશે.

૮.૮ સ્ટાઇપેન્ડ:

ફેલોશીપ ચાલુ રાખવા પરસ્પર સંમતિ દ્વારા નક્કી કરવામાં આવશે, એક વર્ષથી વધારે સેવાના કિસ્સામાં ફેલો 10% સ્ટાઈપેન્ડ વધારાનો લાભ મેળવશે. સ્ટાઇપેન્ડમાં વધારો પસંદગી સમિતિ(SC)ની ભલામણને અનુસરીને અને ગુજરાત સરકારની સક્ષમ સત્તાધિકારી દ્વારા વિધિવત રીતે વર્ષ દરમિયાનની તેમની કામગીરી પર આધારિત રહેશે.

ફેલો દ્વારા નોંધાયેલ હાજરીના આધારે અથવા સંબંધિત વિભાગ/પ્રભાગ/કચેરીના વડા દ્વારા અપાયેલ પ્રમાણપત્રના આધારે મહિનો પૂરો થયાના એક સપ્તાહની અંદર ગુજરાત સરકાર દ્વારા સ્ટાઇપેન્ડ ચુકવવામાં આવશે. (ફેલોને અન્ય જગ્યાએ નિયુક્ત કરવામાં આવે તેવા કિસ્સામાં)

રજા: ફેલો પ્રો–રેટાના આધારે કેલેન્ડર વર્ષથી દરેક પૂર્ણ થયેલા મહિના માટે એક દિવસના દરે રજા મેળવવા માટે હકદાર રહેશે, વણવપરાયેલ રજાઓ આગામી વર્ષમાં ઉધારવામાં આવશે નહી. વધુમાં, અગ્ર સચિવશ્રી (વસુતાપ્ર), ગુજરાત સરકારની મંજૂરીથી સ્ટાઇપેન્ડ વિના એક મહિના સુધીની રજા ધ્યાનમાં લઈ શકશે.

આવકવેરાની કપાત **(TDS):**

આવકવેરો અથવા અન્ય કોઈપણ કર કપાત કરવા પાત્ર છે, જેમ કે પ્રવર્તમાન નિયમો અનુસાર, સ્ટાઇપેન્ડની ચુકવણી કરતા પહેલા કપાત કરવામાં આવશે, જેના માટે ગુજરાત સરકાર TDS સર્ટીફીકિટ આપશે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) નિયમોનુસાર ફેલોને લાગુ પડશે. ફેલો દ્વારા ચૂકવવાપાત્ર કર અથવા અન્ય યોગદાન માટે ફેલોશીપ હેઠળ ગુજરાત સરકારની કોઇ જવાબદારી રહેશે નહી.

પોલીસ વેરિફિકેશન:

ફેલોનું પોલીસ વેરિફિકેશન ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા જારી કરવામાં આવેલી અદ્યતન સૂચનાઓ અનુસાર હાથ ધરવામાં આવશે. જો પોલીસ વેરિફિકેશનના પરિણામો નકારાત્મક હોય તો, ફેલોની ફેલોશિપ કોઈપણ સૂચના વિના તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે.

તાલીમ:

- દરેક ફેલો માટે હાજર થયેથી ઓછામાં ઓછી ૨ અઠવાડિયાની તાલીમનું આયોજન કરવામાં આવશે (SPIPA અને IIM Ahmedabad ના સહયોગથી)
- HOD સાથે જોડાણ અને બે અઠવાડિયા માટે વિભાગ/ખાતાના વડા સાથે વિષયને લગતી તાલીમ
- મેન્ટરશિપ પ્રભાગ/ખાતાના વડા અને સમકક્ષ અધિકારી દ્વારા કરવામાં આવશે (સામેલ પરિશિષ્ટ–૨ મુજબ)
- IIM અમદાવાદ પણ ફેલોને મેન્ટરશીપ એક્સેસ પૂરુ પાડશે.

છૂટછાટ/સુધારા: જ્યારે ગુજરાત સરકારના અભિપ્રાય મુજબ આ માર્ગદર્શિકાની કોઈ પણ જોગવાઈમાં છૂટછાટ કે સુધારો કરવો જરુરી જણાય તો રાજ્ય સરકાર તે અંગેના લેખિત કારણો નોંધીને અને યોગ્યતે હુકમથી આ છુટછાટ કે જરૂરી સુધારા કરી શકશે.

( સા.વ.વિ. ઠરાવ ક્રમાંક GAD/MSM/e-file/1/2023/7162/ARTD2 તા. ૨૪/૧૧/૨૦૨૩ નુ બિડાણ)

(પરિશિષ્ટ-૨)

ફેલોની ફાળવણી/માર્ગદર્શકની ફાળવણી

૧. ફેલોનું કાર્ય નીતિ ઘડતર અને સેવાઓના વિતરણમાં નવીન અભિગમ લાવવા માટે વિભાગ/પ્રભાગ/વિભાગીય કચેરીને મદદ કરવાનું રહેશે અને તેનો હેતુ શાસનમાં પરિવર્તન લાવવાનો છે.

૨. ફેલોને તેમની રુચિ અને વ્યાવસાયિક કુશળતાના આધારે તેમના પસંદગીના પાંચ વિષયો પસંદ કરવાની તક આપવામાં આવશે. વિષયોને ૧ થી ૫ સુધી ક્રમાંક આપવાનો રહેશે. જેમાં એક ટોચની પસંદગી છે અને પાંચ સૌથી છેલ્લો પસંદગીનો વિકલ્પ ગણાશે.

૩. દરેક ફેલો માટે માર્ગદર્શક:

મેન્ટરશિપ સપોર્ટ: પ્રોગ્રામમાં ભાગ લેનાર દરેક ફેલોને માર્ગદર્શકની ફાળવણી કરવામાં આવશે. માર્ગદર્શક ફેલોના ફેલોશિપ સમયગાળા દરમિયાન માર્ગદર્શન અને મદદ કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

માર્ગદર્શકની ભૂમિકા: તેઓ ફેલોને મૂલ્યવાન આંતરદ્રષ્ટિ, કુશળતા અને સલાહ આપશે. તેઓ ફેલોને તેમના સોંપાયેલ કાર્યો, પ્રોજેક્ટ્સ અને જવાબદારીઓને અસરકારક રીતે પૂર્ણ કરવામાં મદદ કરશે.

સતત શીખવું: માર્ગદર્શકની ભૂમિકા સંબંધો સતત શીખવા અને વિકાસને સરળ બનાવવા માટે નિયત થયેલ છે. ફેલો તેમના માર્ગદર્શકો પાસેથી તેમના કાર્યના વિવિધ પાસાઓ પર માર્ગદર્શન મેળવી શકશે, જેમાં કાર્ય પ્રત્યેનો અભિગમ, નીતિ-નિર્માણ અને સેવા વિતરણનો સમાવેશ થાય છે.

આયોજનનાં માર્ગદર્શક: વ્યાવસાયિક માર્ગદર્શન ઉપરાંત, લીવ મેનેજમેન્ટ માટે પણ જવાબદાર રહેશે ફેલો તેની ફેલોશીપ દરમ્યાન રજાની વિનંતી કે આયોજન કરતી વખતે તેઓના માર્ગદર્શકો સાથે સંકલન કરી શકશે.

નિયમિત ચેક-ઇન્સ: માર્ગદર્શકો અને ફેલો પ્રગતિનું મૂલ્યાંકન કરવા, પડકારોને સંબોધવા અને લક્ષ્યો નક્કી કરવા માટે નિયમિત ચેક-ઇન મીટિંગ કરશે. આ આપ-લે ફેલોને સફળતા માટે જરૂરી સમર્થન અને સંસાધનો મળી રહે એ સુનિશ્ચિત કરવામાં મદદ કરશે.

સંસાધનની ઉપયોગિતા: માર્ગદર્શક સંસાધનો, નેટવર્ક્સ અને સંપર્કોની ઉપયોગીતા પ્રદાન કરી શકે છે જે ફેલોને તેમના પ્રોજેક્ટ અને પહેલવૃત્તિમાં મદદ કરી શકે છે.

પ્રતિસાદ અને મૂલ્યાંકન: માર્ગદર્શક ફેલોની કામગીરીના પ્રતિસાદ અને મૂલ્યાંકન પ્રદાન કરવામાં પણ સામેલ થશે, તેમને સુધારણા માટેના ક્ષેત્રોને ઓળખવામાં મદદ કરશે.

નીચેના પત્રકના કોલમ-૩માં દર્શાવેલ વિભાગ/ખાતાની વડાની કચેરીમાં ફેલોને નિમણુંક આપવામાં આવશે અને કોલમ -૪માં દર્શાવેલ અધિકારીશ્રી માર્ગદર્શક રહેશે.

| અનુ. | પ્રોજેક્ટની વિગત | વિભાગ/ખાતાના વડાનું નામ | માર્ગદર્શક |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | પીએમ પોષણ (MDM અને ICDS યોજનાઓના અમલીકરણમાં ગુણાત્મક સુધારા માટે સમગ્ર રાજ્યમાં કેન્દ્રીયકૃત રસોઇ સુવિધાઓનું વિસ્તરણ.<br>નિયમિત હાજરી વધારવા ઉપરાંત, MDM યોજના | પ્રાથમિક શિક્ષણ વિભાગ(નોડલ)<br>મહિલા અને બાળ વિકાસ વિભાગ | કમિશનરશ્રી, MDM |

| | | | |
|---|---|---|---|
| | વિદ્યાર્થીઓના પોષણ અને આરોગ્યને પણ પ્રોત્સાહન આપે છે.<br>પ્રાથમિક શિક્ષણ વિભાગની પીએમ પોષણ યોજના માટેની નીચે મુજબની કામગીરી ફેલોશીપ પ્રોજેક્ટ હેઠળ ફેલોને સોંપવા વિચારણા થઈ શકે.<br>1. કેન્દ્ર પુરસ્કૃત નેશનલ ફૂડ સિક્યુરીટી એક્ટ-૨૦૧૩ હેઠળની પીએમ પોષણ યોજનાના અમલીકરણમાં ગુણાત્મક સુધારા માટે રાજ્યમાં કેંદ્રીયકૃત રસોઇ સુવિધાઓ (સેંટ્રલાઇઝ કિચન)ના વિસ્તરણ હેતુ સેંટ્રલાઇઝ કિચનના વ્યવસ્થાપન અને કાર્યપધ્ધતિની વિગતો સાથેની ભારત સરકારની માર્ગદર્શીકા તથા નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમોને અનુરૂપ રાજ્ય સરકારની માર્ગદર્શીકા તૈયાર કરવાની કામગીરી સોંપવી.<br>2. સફળતાપૂર્વક સેંટ્રલાઇઝ કિચનનું સંચાલન કરતી અક્ષયપાત્ર જેવી સંસ્થાઓના ૫૦૦૦૦ અને ૨૫૦૦૦ મીલ સર્વીંગ કેપેસીટી ધરાવતા સેંટ્રલાઇઝ કિચનના આધારે રાજ્ય માટે મોડેલ પ્રોજેક્ટ તૈયાર કરવા તથા તે માટે ખર્ચના અંદાજો તૈયાર કરવાની કામગીરી સોપવી.<br>3. રાજયના જિલ્લાઓ/તાલુકઓની ભૌગોલીક સ્થિતીને અનુરૂપ ભારત સરકારની પીએમ પોષણ યોજના માટેની ગાઈડલાઈન મુજબ સારી રોડ કનેક્ટીવિટી ધરાવતી મહત્તમ શાળાઓને આવરી લેવાના ધ્યેય સાથે સેંટ્રલાઇઝ કિચનનું સ્થળ પસંદ કરવું. (તમામ જિલ્લા/તાલુકા)<br>4. પીએમ પોષણ માટે નિયત થયેલ ભોજનમાં વધારાના વિશિષ્ટ પોષક મુલ્યો ધરાવતા ખોરાકનું બાળકોની સ્વાદરૂચિ તથા શાળામાં હાજરીને પ્રોત્સાહિત કરે તે મુજબ મેનું તૈયાર કરવુ તથા યોજનાની સામાજીક અને બાળકોના આરોગ્ય પર પડતી અસરોનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી સોંપવી.<br>5. રાજયમાં પીએમ પોષણ યોજનાના અમલીકરણમાં ગુણાત્મક સુધારાઓ માટે પોષણ અને જાહેર આરોગ્યની વિશિષ્ટ જાણકારી અને કુપોષણ નિવારક ઉપાયોનું નિષ્ણાત કક્ષાનું જ્ઞાન અને તાંત્રિક આવડત ધરાવતા તજજ્ઞો સાથે સતત પરામર્શ કરવો અને યોજનાની અસરોના અભ્યાસ અહેવાલ આધારે યોજનામાં નવા સુધારાઓ/ઉમેરણ કરવા માટેની દરખાસ્ત કરવી.<br>6. કુપોષણ મુકત શાળાઓ : નેશનલ ફેમીલી હેલ્થ સર્વે તથા RBSK હેઠળ ઓળખાયેલ કુપોષિત અને ખામીવાળા બાળકો માટે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સાથે પીએમ | | |

| | | | |
|---|---|---|---|
| | પોષણ યોજના હેઠળ ખાસ યોજનાઓ ઘડવી અને અમલીકરણની પધ્ધતિ નિયત કરવી. | | |
| ૨ | વિકાસશીલ જિલ્લો/બ્લોક પ્રોગ્રામ: બાળકોમાં દુબળાપણા/ ઠીંગણાપણાનું પ્રમાણ ઘટાડવું:-<br>બાળકો અને મહિલાઓનું આરોગ્ય અને પોષણ જળવાય તે ગુજરાત સરકારની પ્રાથમિકતા છે. રાજ્યમાં કુપોષણની સ્થિતિમાં સુધારો કરવા માટે ઘણી નવી પહેલો શરૂ કરવામાં આવી છે.<br>➢ પોષણ યોજના અંતર્ગત પહેલ:<br>➢ પૂરક પોષણ યોજના(SNP)-આ યોજના અંતર્ગત RDA (ભલામણ કરેલ આહાર જથ્થો) અને ADI (સરેરાશ દૈનિક સેવન) વચ્ચેના અંતરને પહોંચી વળવા માટે, 6 મહિનાથી 3 વર્ષના બાળકોને, સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓને મલ્ટીવિટામીન યુકત સૂક્ષ્મ પોષકતત્વોના રૂપમાં પૂરક પોષણ (આરડીએનો 1/3 ભાગ) ફોર્ટિફાઈડ ટેક હોમ રાશન આપવામાં આવે છે.<br>▪ ટેક હોમ રેશન -અંતર્ગત RDA અને ADI વચ્ચેના અંતરને પૂર્ણ કરવા માટે, આંગણવાડી કેન્દ્રખાતે 3-6 વર્ષના બાળકોને ગરમ રાંધેલા ભોજનના રૂપમાં પૂરક પોષણ (RDAનો 1/3 ભાગ) આપવામાં આવે છે. HCM ની તૈયારી માટે વપરાતા તમામ ઉત્પાદનો ફોર્ટિફાઇડ છે જેમ કે. ઘઉં, ચોખા, તેલ અને મીઠું.<br>➢ આંગણવાડી કેન્દ્રો પર કુપોષણના નિવારણ માટે **2019** પછી રાજ્યની પહેલ**:**<br>પ્રથમ **1000** દિવસને પ્રાથમિકતા આપવા માટે -<br>▪ મુખ્ય મંત્રી માતૃશક્તિ યોજના (MMY)-પ્રથમ વખતની ગર્ભવતી મહિલાઓ અને 2 વર્ષ સુધીના બાળકોની ધાત્રીમાતાઓને રો-રાશન તરીકે - 2 કિલો ચણા, 1 કિલો તુવેર દાળ અને 1 કિલો ફોર્ટિફાઇડ સીંગતેલ પૂરું પાડવામાં આવે છે.<br>▪ પોષણ સુધા-રાજયના આદિવાસી તાલુકાઓની 6 મહિના સુધીના બાળકોની ધાત્રીમાતાઓ અનેસગર્ભા સ્ત્રીઓને એક સંપૂર્ણ ભોજન આપવામાં આવે છે.<br>▪ દૂધ સંજીવની યોજના - રાજ્યના આદિવાસી તાલુકાઓ અને વિકાસશીલ તાલુકાઓમાં અમલમાં મૂકવામાં આવી છે. જે અંતર્ગત 100 મિલી ફોર્ટિફાઈડ દૂધ 6 મહિનાથી 6 વર્ષ સુધીના બાળકોને અઠવાડિયામાં 5 દિવસ અને સગર્ભા તથા ધાત્રી માતાઓને અઠવાડિયામાં બે વાર | ICDS, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ | કમિશનરશ્રી અને સચિવશ્રી મહિલા અને બાળ કલ્યાણ વિભાગ |

| | | | |
|---|---|---|---|
| | 200 મિલી ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે.<br>▪ પૂર્ણા– 15-18 વર્ષની કિશોરીઓમાં કુપોષણનું નિવારણ અને પોષણ વિષયક એનિમિયામાં ઘટાડો.<br>▪ પોષણ અભિયાનનો ઉદ્દેશ કન્વર્જન્સ, જીવનચક્ર અને પરિણામલક્ષી અભિગમ અપનાવીને કુપોષણ ઘટાડવાનો છે. તે કિશોરીઓ, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને 0 થી 6 વર્ષની વયના બાળકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.<br>પોષણ અભિયાનના મુખ્ય ઘટકો નીચે મુજબ છે.<br>▪ સમુદાય-આધારિત ઇવેન્ટ્સ **(CBE)**<br>પોષણ અભિયાન પંચાયતી રાજ સંસ્થાઓ, ગામો, સંગઠનો, સ્વસહાય જૂથો, સ્વયંસેવકો વગેરેના સહયોગથી પોષણ સંબંધિત કાર્યસૂચિને જન આંદોલનમાં પરિવર્તિત કરવા અને વ્યાપક જનભાગીદારી સુનિશ્ચિત કરવા પર કેન્દ્રિત છે.મહિનાના પ્રથમ અને ત્રીજા મંગળવારે રાજ્યભરમાં દરેક આંગણવાડી કેન્દ્રમાં ભારત સરકારના સહયોગથી CBEની ઉજવણી કરવામાં આવે છે. જયારે બીજા અને ચોથા મંગળવારે અનુક્રમે બાળતુલા (ગ્રોથ મોનીટરીંગ) અને પૂર્ણા (કિશોરી) / ટીએચઆર વિતરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સુપોષણ સંવાદ દર મહિનાના પહેલા મંગળવારે અને અન્નપ્રાશન દર મહિનાના ત્રીજા મંગળવારે ઉજવવામાં આવે છે.<br>▪ માહિતી**,** શિક્ષણ અને સંચાર **(IEC)**<br>IEC અભિગમ પોષણ અને આરોગ્ય સંબંધિત ઘણા સરકારી કાર્યક્રમો દ્વારા પૂરા પાડવામાં આવતા ફાયદાઓ વિશે લોકોને શિક્ષિત કરવાનો છે અને તેમને સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 સાથે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે નિર્દેશિત કરવાનો છે.<br>▪ પોષણ માહ અને પોષણ પખવાડા<br>માર્ચ 2018 માં પોષણ અભિયાનની શરૂઆત થઈ ત્યારથી, દેશમાં પોષણ પર કેન્દ્રિત સૌથી મોટા વાર્ષિક જન આંદોલનો દ્વારા સમુદાયો સાથે જોડાણ કરવામાં મદદ કરી છે.દેશમાં દરેક જગ્યાએ, સપ્ટેમ્બરને રાષ્ટ્રીય પોષણ માહ તરીકે મનાવવામાં આવે છે. એ જ રીતે, માર્ચમાંપોષણ પખવાડા ઉજવવામાં આવે છે.<br>▪ પોષણ ટ્રેકરરીઅલ ટાઇમ ડેટા અને તેનો ડાયનેમિક ડેટા એકત્રિત કરે છે. પોષણ ટ્રેકર રોજિંદી પ્રવૃત્તિઓની જાણ કરવાનો સૌથી સરળ રસ્તો બની ગયો છે જેણે સેવાઓની ડિલિવરી સુધારવામાં મદદ કરી છે. | | |

| | | | |
|---|---|---|---|
| | એપ્લિકેશનમાં મુખ્ય પ્રદર્શન સૂચકાંકોથી સંબંધિત ડેટા જેમ કે. યોજનાઓના આયોજન અને દેખરેખ, પૂરક પોષણ, વૃદ્ધિની દેખરેખ, ગૃહ મુલાકાત, પોષણ અને આરોગ્યની સ્થિતિ વગેરે માહિતી આવરી લેવામાં આવે છે.<br>ભાવિ આયોજન:<br>➢ રાજ્યમાં બાળકોમાં પોષણની સ્થિતિ સુધારવા માટે યોગ્ય મોનીટરીંગ અને જરૂરી નીતિ–વિષયક ફેરફારો માટે થર્ડ પાર્ટી સર્વેને પ્રાથમિકતા આપવામાં આવશે.<br>➢ કિશોરીઓના પોષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું, જેમાં શાળામાં અને શાળાએ ન જતી કિશોરીઓ બંને માટે સાપ્તાહિક આયર્ન–ફોલિક એસિડ પૂરકનો સમાવેશ થાય છે.<br>➢ આંગણવાડી કેન્દ્ર પર લાભાર્થીઓ આવવા માટે પ્રેરિત/આકર્ષિત થાય તે માટે 'સક્ષમ આંગણવાડી પોષણ ૨.૦' અંતર્ગત તબકકાવાર આંગણવાડી કેન્દ્રોને ભૌતિક સુવિધાઓ તથા ડીઝીટલ ઉપકરણોથી સુસજજ કરવામાં આવનાર છે. જેમાં ટી.વી., ખાસ ઇસીસીઇ કોર્નર, વોટર પ્યુરીફાયર, રેઇન વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર વગેરે બાબતોનો સમાવેશ થાય છે.<br>➢ તીવ્ર કુપોષણની સારવાર<br>➢ ગુણવત્તાયુક્ત સેવાઓ પહોંચાડવા માટે સહભાગીઓનું ક્ષમતાવર્ધન<br>➢ CMAM પર AAA ફ્રન્ટલાઈન કાર્યકરોનું ક્ષમતાવર્ધન<br>➢ દુબળાપણા/ ઠીંગણાપણાવાળાબાળકોની ઓળખ માટે સ્વસહાય જૂથોની સામેલગિરી<br>➢ પોષણલક્ષી પ્રોગ્રામ ડિલિવરી પ્લેટફોર્મનો ઉપયોગ:<br>▪ સમુદાયો માટે પોષણ શિક્ષણ અને પ્રમોશન (સમુદાય–આધારિત કાર્યક્રમો);<br>▪ ખાસ કરીને બાળપણમાં બીમારી સમયે (CMTC, NRC, વગેરે)ના સંકલનથી યોગ્ય આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવી<br>▪ ખાનગી ક્ષેત્ર – મોટા પાયે ફૂડ ફોર્ટિફિકેશન. | | |
| ૩ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની કુલ નોંધણીમાં સુધારો :<br>- ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ(GSOS) દ્વારા વિદ્યાર્થીઓની નોંધણી કરીને શિક્ષણકાર્ય કરાવવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ જઈ શકતા નથી કે અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હોય તેવા વિદ્યાર્થીઓ | શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) | શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) |

| | | | |
|---|---|---|---|
| | ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ(GSOS)માં રજીસ્ટ્રેશન કરાવીને બોર્ડની પરીક્ષા આપી શકશે.<br>- ધોરણ-09 થી ધોરણ-12 GSOSના વિદ્યાર્થીઓની નોંધણીની પ્રક્રિયા તેમજ ધોરણ-10 અને ધોરણ-12 સામાન્યપ્રવાહની પરીક્ષાના આવેદનપત્રો ભરવા અને તેના પરિણામ સુધીની ડેટા કામગીરી<br>- GSOSના વિદ્યાર્થીઓના રેકર્ડ નિભાવવા માટે<br>- GSOS સ્ટડી સેન્ટર ખાતે સંકલનમાં રહી કામગીરી બાબત<br>- GSOS દ્વારા વિદ્યાર્થીઓ નોંધણી કરાવીને સમયાંતરે નોંધાયેલ સ્ટડી સેન્ટર ખાતે શિક્ષણ કાર્યમાં જોડાશે જેથી ડ્રોપ આઉટ ઓછો થશે<br>- ધોરણ-10માં અગાઉ માર્ચ માસમાં અનુત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓની બે જ વિષયની પરીક્ષા લેવામા આવતી હતી તેના બદલે હવે શૈક્ષણિક વર્ષ-2023-24 થી ત્રણ વિષયની પૂરક પરીક્ષા લેવામાં આવશે. જેથી ડ્રોપઆઉટ ઓછો થશે અને શાળાઓમાં વધુ વિદ્યાર્થીઓની નોંધણી થઈ શકશે જેથી પૂરક પરીક્ષા યોજતા ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે તેમજ પરીક્ષાના દિવસો, મૂલ્યાંકનના દિવસો અને પરિણામ તૈયાર કરવામાં વધુ માનવબળની જરૂર પડશે તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે. તેની સાથે ડ્રોપઆઉટ ઓછો થશે.<br>- ધોરણ-12 સામાન્યપ્રવાહમાં એક વિષયમાં અનુત્તીર્ણ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવતી હતી તેને બદલે હવે શૈક્ષણિક વર્ષ-2023-24 થી બે વિષયમાં અનુત્તીર્ણ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવશે. જેથી ડ્રોપઆઉટ ઓછો થશે અને વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ આગળનો અભ્યાસ કરી શકશે જેથી પૂરક પરીક્ષા યોજતા ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે તેમજ પરીક્ષાના દિવસો, મૂલ્યાંકનના દિવસો અને પરિણામ તૈયાર કરવામાં વધુ માનવબળની જરૂર પડશે તેમજ ઉચ્ચ અભ્યાસ અને પ્રવેશ પરીક્ષામા વિદ્યાર્થીઓની સંખ્યા વધશે.<br>- શૈક્ષણિક વર્ષ 2023-24 થી NCERT મુજબ ગણિત, વિજ્ઞાન અંગ્રેજી જેવા મુખ્ય વિષયોમાં અભ્યાસક્રમ ઘટાડવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓ પર અભ્યાસક્રમનું ભારણ ઘટશે.<br>- અભ્યાસક્રમના બિનજરૂરી મુદ્દાઓ દૂર કરી વિદ્યાર્થીલક્ષી | | |

| | | | |
|---|---|---|---|
| | અને આગળના અભ્યાસ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળશે.<br>- શૈક્ષણિક વર્ષ 2023-24 થી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 અન્વયે ધોરણ-10 અને ધોરણ-12ની પરીક્ષાના પ્રશ્નપત્રોનું સરળીકરણ કરવામાં આવેલ છે. જેથી કોઇપણ વિદ્યાર્થી કે જે શાળાએ જઈ રહ્યો છે અને શાળામાં અધ્યયન માટે પ્રયત્નો કરી રહ્યો છે તે વધારાના પ્રયત્નો વગર બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ કરી શકશે અને સારો દેખાવ કરી શકશે. પ્રશ્નપત્રોના સરળીકરણથી ગોખણપટ્ટી થી નહીં પરંતુ સમજણથી વિદ્યાર્થી જવાબ આપી શકે અને તેની સમજણ પ્રમાણેનું મૂલ્યાંકન કાર્ય થાય તેવો પ્રયત્ન રહેશે તેમજ કોચીંગ કલાસીસને બદલે વિદ્યાર્થી શાળામાં અધ્યયન કરીને બોર્ડની પરીક્ષામાં સારો દેખાવ કરી શકશે.<br>▪ માધ્યમિક શિક્ષણમાં ડ્રોપ આઉટનું ઉંચુ પ્રમાણ<br>▪ કન્યાઓમાં ડ્રોપ આઉટનું ઉંચુ પ્રમાણ<br>▪ વય અનુસાર અભ્યાસમાં રહેતી કચાશ<br>▪ માધ્યમિક શિક્ષણમાં ગણીત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોમાં ઉદાસીનતા<br>▪ અંતરિયાળ વિસ્તારોમાં શાળાઓની ઘટ<br>▪ વિષયાનુસાર શિક્ષકોની વિલંબિત ભરતી<br>▪ નવી સરકારી માધ્યમિક શાળાઓની વિશેષ જરૂરિયાત<br>▪ કન્યાઓને શાળાઓમાં મુકવા સામે સામાજીક અડચણો<br>▪ આર્થિક રીતે ગરીબ વાલીઓના બાળકોને અન્ય કામગીરીમાં રોકવા<br>▪ આદિવાસી વિસ્તારોમાં રોજગારી માટે વાલીઓનું સ્થળાંતર<br>▪ ફક્ત બે કે ત્રણ વર્ગો કે શિક્ષકો હોય તેવી નાની શાળાઓ<br>▪ સ્કુલ ટ્રાન્સપોર્ટેશનનો અભાવ<br>▪ હોસ્ટેલ અને પેઈનગેસ્ટ તરીકે રહી અભ્યાસ માટે કરવો પડતો વધુ ખર્ચ<br>▪ તેજસ્વી બાળકોને શિષ્યવૃત્તિની વિશેષ જરૂરિયાત<br>માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ઉપર મુજબના તથા અન્ય લગત મુદ્દાઓનો ફેલો પાસેથી અભ્યાસ કરાવી તેઓનો અભિપ્રાય મેળવીએ. | | |
| ૪ | માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક સ્તરે વિજ્ઞાન અને ગણિત પ્રવાહમાં વિદ્યાર્થીઓની નોંધણીમાં સુધારો કરવો :<br>- શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં તમામ વિષયોમાં અનુતીર્ણ થયેલા | શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) | શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) |

| | | | |
|---|---|---|---|
| | વિદ્યાર્થીઓની પુનઃ પુરક પરીક્ષા જુન/જુલાઈ માસમાં લેવામાં આવશે. જેથી ડ્રોપઆઉટ ઓછો થશે અને વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ આગળનો અભ્યાસ કરી શકશે.<br>- ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં બધા જ વિષયોમાં અનુત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં પરીક્ષા આપી શકશે. જેથી વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓને ઉત્તીર્ણ થવાનો વિકલ્પ મળશે અને કારકિર્દીનું મહત્વનું વર્ષ બચી જશે તેમજ પરીક્ષા યોજતાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધશે તેમજ પરીક્ષાના દિવસો, મૂલ્યાંકનના દિવસો અને પરિણામ તૈયાર કરવામાં વધુ માનવબળની જરૂર પડશે અને તેની સાથે ડ્રોપઆઉટ ઓછો થશે અને વધુ સંખ્યામાં આગળનો અભ્યાસ કરી શકશે.<br>- શૈક્ષણિક વર્ષ 2023-24 થી ધોરણ-12 વિજ્ઞાનપ્રવાહમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ ઇચ્છે તો પોતાનું પરિણામ સુધારવા માટે તમામ વિષયોની પુનઃ પરીક્ષા જુન/જુલાઇ માસમાં આપી શકશે. બંને પરિણામ એટલે કે માર્ચ અને જુન/જુલાઇ માસની પરીક્ષામાંથી જે શ્રેષ્ઠ (Best of Two Exams) હોય તે પરિણામ સ્વીકારવાનું રહેશે. જેથી વિદ્યાર્થીઓને પરિણામ સુધારવા માટે પ્રોત્સાહન અને તક મળશે જેથી પુનઃ પરીક્ષા યોજતા ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધશે તેમજ પરીક્ષાના દિવસો, મૂલ્યાંકનના દિવસો અને પરિણામ તૈયાર કરવામાં વધુ માનવબળની જરૂર પડશે અને તેના રેકર્ડ અને પરીક્ષાની આનુષાંગિક વ્યવસ્થા માટે વધુ માનવબળની જરૂરીયાત ઊભી થશે<br>- Best of Two Exams હોવાને કારણે ભવિષ્યને ધ્યાને રાખી ડેટા એકત્રિત કરી અને પ્રમાણભૂત રાખવાની વ્યવસ્થાઓ કરવાની થાય છે.<br>- શૈક્ષણિક વર્ષ 2023-24 થી NCERT મુજબ ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી જેવા મુખ્ય વિષયોમાં અભ્યાસક્રમ ઘટાડવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓ પર અભ્યાસક્રમનું ભારણ ઘટશે અને વધારે વિદ્યાર્થીઓ વિજ્ઞાનપ્રવાહમાં જોડાશે.<br>- અભ્યાસક્રમના બિનજરૂરી મુદ્દાઓ દૂર કરી વિદ્યાર્થીલક્ષી અને આગળના પ્રવેશ પરીક્ષાને ધ્યાને રાખી અભ્યાસક્રમ ઘટાડી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને વિજ્ઞાન પ્રવાહ તરફ અભિમુખ થાય તેમ કરવાનો પ્રયાસ<br>- BE (IT/COMPUTER]નો અભ્યાસ કરેલ હોય અને પાંચ વર્ષનો SDLC (Software | | |

| | | | |
|---|---|---|---|
| | Devloptment life cycle), Data base system નો અનુભવ હોય તેવા અનુભવી ટેકનિકલ એક્સપર્ટની જરૂર પડશે.<br>● વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓનું ઓછું પ્રમાણ<br>● વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં પૂરતી માળખાકીય સુવિધાઓનો અભાવ<br>● વિજ્ઞાન પ્રવાહ પ્રત્યે વાલીઓ/વિદ્યાર્થીઓનું ઉદાસીન વલણ<br>● JEE અને NEET ની તૈયારી કરાવવા માટેની યોગ્ય ફેકલ્ટીનો અભાવ<br>● સ્કુલ ટ્રાન્સપોર્ટેશનનો અભાવ<br>● વિજ્ઞાન પ્રવાહની શાળા વિહોણા તાલુકાઓમાં આવી શાળાઓ શરૂ કરવી.<br>● ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં ઓછી નોંધણી<br>માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ઉપર મુજબના તથા અન્ય લગત મુદ્દાઓનો ફેલો પાસેથી અભ્યાસ કરાવી તેઓનો અભિપ્રાય મેળવીએ. | | |
| ૫ | PMJAY યોજના હેઠળ સરકારી હોસ્પિટલો/સુવિધાઓના વાર્ષિક આવકના હિસ્સામાં સુધારો કરવો :<br>➢ સમસ્યાનું નિવેદન: PM-JAY-MA યોજના હેઠળ સરકારી સુવિધાઓનો અસંતોષકારક ઉપયોગ.<br>➢ પૃષ્ઠ ભૂમિ: શ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય વડાપ્રધાન એ 2 લાખ રૂપિયાની પ્રારંભિક વીમા કવર સાથે MA યોજના શરૂ કરી હતી, જે પાછળથી ૩ લાખ રૂપિયા સુધી વધારવામાં આવી હતી. 2018માં, તેમણે આયુષ્યમાન ભારત PM-JAY. વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના શરૂ કરી, જેમાં પરિવાર માટે વાર્ષિક 5 લાખ રૂપિયાનું આરોગ્ય કવર આપવામાં આવે છે. ફેબ્રુઆરી 2023માં ગુજરાત સરકારે PMJAY-MA યોજનાને નવો દેખ આપીને વીમા કવરને બમણું કરીને 10 લાખ રૂપિયા કર્યું. PMJAY-MA યોજના હેઠળ, રાજ્યના 2,027 સરકારી હોસ્પિટલ, 803 ખાનગી હોસ્પિટલ અને 18 કેન્દ્ર સરકારી હોસ્પિટલને સારવાર આપવા અને શસ્ત્રક્રિયા કરવાની મંજૂરી છે. કાર્ડધારકો 10 લાખ રૂપિયાની મર્યાદામાં 2,471 પ્રકારની સારવાર અને | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કમિશનરશ્રી, આરોગ્ય |

| | | | |
|---|---|---|---|
| | શસ્ત્રક્રિયાઓનો લાભ લઈ શકે છે. ગુજરાત સરકારે એમ પણ જાહેરાત કરી છે કે આયુષ્યમાન કાર્ડ ધારકો હવે કિડની, હૃદય, લીવર અને કોકલિયર ઈમ્પ્લાન્ટ્સની જટીલ શસ્ત્રક્રિયાઓ, સારવાર અને ટ્રાન્સપ્લાન્ટનો લાભ લઈ શકે છે.<br>➢ સમસ્યા: સરકારી હોસ્પિટલોમાં દાવાની નોંધણીમાં થતી ખામીઓને મૂળ કારણ જાહેર આરોગ્ય સુવિધાઓ તેમજ અત્યાધુનિક ટેકનોલોજી છે. તે ઉપરાંત કર્મચારીઓ અને લાભાર્થીઓ વચ્ચે સંદેશાવ્યવહારનો અભાવ સરકારી આરોગ્ય સુવિધાઓમાં નોંધાયેલા દાવાઓની ઓછી સંખ્યામાં મુખ્ય પરિબળ તરીકે ઓળખવામાં આવ્યો છે. તેમજ લાભાર્થીઓ અને ડોકટરો બંનેને PMJAY MA યોજના હેઠળ સરકારી હોસ્પિટલોમાં સારવારની પ્રક્રિયાઓ વિશે જ્ઞાનનો અભાવ જોવા મળેલ છે. જેમાં ખાસ કરીને, નાણાકીય વર્ષ (FY)2018-19માં, PMJAY-MA યોજના હેઠળ સરકારી હોસ્પિટલોમાં કુલ દાવાઓ માત્ર 16.45% હતા. આ આંકડો નાણાકીય વર્ષ 2019-20માં 28.25% સુધી વધ્યો હતો. નાણાકીય વર્ષ 2020-21માં, કુલ દાવાઓનું પ્રમાણ 20.65% હતું, જે નાણાકીય વર્ષ 2021-22માં ઘટીને 18.53% થયું હતું, જે કોવિડ-19 મહામારીની અસરથી પ્રભાવિત થયું હતું. નાણાકીય વર્ષ 2022-23 માટે, કુલ દાવાઓ 21.48% સુધી વધ્યા હતા, અને નાણાકીય વર્ષ 2023-24માં નવેમ્બર 2023 સુધીમાં દાવાઓ 25.38% સુધી પહોંચી ગયા છે. ડેટા ભારપૂર્વક સૂચવે છે કે આ તમામ પરિબળોને લીધે જાહેર હોસ્પિટલોમાં પ્રક્રિયા કરવામાં આવતા દાવાની સંખ્યા ઓછી થઈ જે બદલામાં યોજનાનો ઓછો ઉપયોગ દર્શાવે છે.<br>➢ ફેલો પાસેથી અપેક્ષા<br>• PM-JAY-MA યોજના હેઠળ જાહેર આરોગ્ય સુવિધાઓના વપરાશના વર્તમાન સ્તર અને સ્વરૂપનું વિશ્લેષણ કરો.<br>• PM-JAY અથવા સમાન યોજનાઓ માટે જાહેર આરોગ્ય સંસ્થાઓના વપરાશના વધુ સારા દર સાથેના રાજ્યો દ્વારા અપનાવવામાં આવેલી વિવિધ વ્યૂહરચીઓનો અભ્યાસ કરો. | | |

| | | | |
|---|---|---|---|
| | • PM-JAY-MA હેઠળ જાહેર આરોગ્ય સુવિધાઓના ઉપયોગને અનુકૂળ અને અવરોધક પરિબળોની ઓળખ કરો.<br>• ગુજરાતમાં PM-JAY-MA યોજના હેઠળ જાહેર આરોગ્ય સંસ્થાઓના વપરાશમાં વધારો કરવા માટે ભલામણો આપો. | | |
| ૬ | સરકારના જાહેર કાર્યક્રમમાં લાઇટ હાઉસ ટેકનોલોજી અપનાવવા માટેની વ્યૂહરચના વિકસાવવી:-<br>- કેન્દ્ર સરકારશ્રી દ્વારા આવાસન ક્ષેત્રે વિશ્વભરમાંથી સિદ્ધ થયેલી હાઉસિંગ ટેકનોલોજીથી નિર્માણ કાર્ય થાય અને પર્યાવરણમિત્ર નવીનતમ ટેકનોલોજીના ઉપયોગથી ન્યુન્તમ ખર્ચે અને ઝડપથી ગુણવત્તાયુકત બાંધકામ થાય તેવા હેતુસર ગ્લોબલ હાઉસીંગ ટેકનોલોજી ચેલેન્જ – ઇન્ડીયાની શરૂઆત વર્ષ ૨૦૧૯ મા કરવામાં આવેલ.<br>- ગુજરાત રાજય પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) યોજનાના અમલીકરણમાં હંમેશા અગ્રેસર રહ્યુ છે. ગુજરાત રાજય ગ્લોબલ હાઉસીંગ ટેકનોલોજી – ઇન્ડિયાના લાઇટ હાઉસ પ્રોજેકટ બનાવવા માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા જે ૦૬ રાજયોની પસંદગી કરવામાં આવેલ છે તે પૈકીનું એક રાજય છે. ગુજરાત રાજયમાં રાજકોટ ખાતે આ નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરી, લાઇટ હાઉસ પ્રોજેકટ અમલી બનાવવા માટે પસંદગી પામેલ છે.<br>- રાજકોટ ખાતે આ લાઇટ હાઉસ પ્રોજેકટ અંતર્ગત ટીપી-૩૨, એફ.પી. ૬૩/૧૦ રૈયા(સ્માર્ટસીટી) જગ્યા ઉપર કુલ ૧૧૪૪ ઇડબલ્યુએસ-૨ પ્રકારના ૩૯.૭૭ ચો.મી. કાર્પેટ વિસ્તાર ધરાવતા આવાસોનું નિર્માણ કરવાનુ આયોજન કરવામા આવ્યુ .<br>- રાજકોટ શહેરમા ઉક્ત ૧૧૪૪ આવાસો ટનલ ફોર્મવર્ક દ્વારા મોનોલિથિક કોંક્રીટ કન્સ્ટ્રકશન ટેક્નોલોજીના ઉપયોગથી બનાવવામાં આવ્યા.આ આવાસોનુ લોકાર્પણ માન. વડાપ્રધાનશ્રી દ્વારા તા. ૧૯/૧૦/૨૦૨૨ના રોજ કરવામાં આવેલ છે.<br>- નવીન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થાય તે માટે રાજકોટ શહેર ખાતે નિર્માણ થયેલ ૧૧૪૪ આવાસ ના Light House Project મા વપરાયેલ મોનોલિથીક કોંક્રિટ કંસ્ટ્રકશન ટેકનોલોજી ની વિશેષતાની જાણકારી મેળવવા ગુજરાત રાજ્યના વિવિધ શહેરો તેમજ અન્ય રાજ્યોના ટેકનીકલ તજજ્ઞો/અધિકારીગણ, પ્રાઇવેટ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | સચિવશ્રી, હાઉસીંગ |

| | | | |
|---|---|---|---|
| | ડેવલોપર્સ, IIT, CEPT ,Nirma,GTU વિગેરે કોલેજના પ્રોફેસર તથા વિધ્યાર્થીઓ દ્વારા સાઇટ વિઝીટ કરવામાં આવેલ.<br>- વિભાગ કક્ષાએથી મહાનગરપાલિકા, સત્તામંડળ,ઝોનલ કચેરી તથાગુજરાત હાઉસિંગ બોર્ડ ના અધિકારીશ્રીઓની યોજાતી સમિક્ષા બેઠકોમાં રાજકોટમાં નિર્માણ પામેલ નવિન ટેકનોલોજી મુજબ આવાસનુ નિર્માણ થાય તે હેતુને ધ્યાનમાં રાખી તેઓ દ્વારા પ્રસિધ્ધ કરવાના થતા ટેન્ડરોમા ટેકનોલોજી ન્યુટ્રલ ટેન્ડર ના કલોઝ ઉમેરી ટેન્ડર પ્રસિધ્ધ કરવા માટે સુચનાઓ આપવામાં આવેલ છે.<br>- નવિન ટેકનોલોજી થી આવાસોનુ નિર્માણ થાય તે હેતુને ધ્યાનમાં રાખી સ્થાનિક સંસ્થાઓ દ્વારા પ્રસિધ્ધ કરવાના થતા ટેન્ડરોમા ટેકનોલોજી ન્યુટ્રલ ટેન્ડર ના કલોઝ ઉમેરી ટેન્ડર પ્રસિધ્ધ કરવા માટે વિભાગ કક્ષાએ યોજાતી સમિક્ષા બેઠકોમા તથા પત્રથી તમામ સ્થાનિક સંસ્થાઓને સુચનાઓ આપવામાં આવેલ છે.<br>- નવીન ટેકનોલોજીનો પ્રોત્સાહન માટે આવનાર પ્રોજેક્ટમા મહત્તમ ઉપયોગ થાય તે માટે સ્થાનિક સંસ્થાઓના તાંત્રિક તજજ્ઞો તથા અધિકારી ગણ સાથે ટેકનોલોજી પ્રોવાઇડર દ્વારા સમજ પુરી પાડવા વિવિધ વર્કશોપ યોજવામા આવેલ.<br>- રાજ્ય સરકારશ્રીના આંતર વિભાગો જેવા કે આરોગ્ય વિભાગ, રોડ એન્ડ બિલ્ડીંગ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ અને પંચાયત વિભાગ સાથે માન. અગ્ર સચિવશ્રી, પંચાયત વિભાગના અધ્યક્ષ સ્થાને તથા સચિવશ્રી (આવાસ)ની હાજરીમા ટેકનોલોજી પ્રોવાઇડર સાથે વર્કશોપ યોજવામા આવેલ. જેનો ઇન્ટરીમ રિપોર્ટ પંચાયત વિભાગ દ્વારા સરકારશ્રીમા સાદર કરવામા આવેલ છે.<br>- ગુજરાત સિવાયના અન્ય રાજયોના અમલી કરેલ નવીન ટેકનોલોજી જાણવા મહાનગરપાલિકાઓ, સત્તામંડળતથા ગુજરાત હાઉસિંગ બોર્ડના કચેરીઅધિકારીશ્રીઓને સ્ટડી ટુર કરાવવાનુ આયોજન છે.<br>- નવીન ટેકનોલોજીનો પ્રોત્સાહન માટે આવનાર પ્રોજેક્ટમા મહત્તમ ઉપયોગ થાય તે માટેરાજ્ય સરકારશ્રીના વિવિધ વિભાગોતથાખાનગી વિકાસકારો જેવા કે GIHED, CREDAI વગેરે જેવા વિવિધ સ્ટેક હોલ્ડર્સ સાથે વર્કશોપ કમ સેમીનાર યોજવામા આવનાર છે જેમા વિવિધ ટેકનોલોજી પ્રોવાઇડર સંબંધિત ટેકનોલોજીની | | |

| | | | |
|---|---|---|---|
| | સમજ પુરી પાડશે.<br><u>પ્રોબ્લમ સ્ટેટમેન્ટ</u><br>1. નવીન ટેકનોલોજીથી બનતા આવાસોનો ખર્ચ કન્વેન્શનલ ટેકનોલોજીથી બનતા આવાસોમા વધુ ખર્ચમા તૈયાર થાય છે.<br>2. નવીન ટેકનોલોજીથી બનતા આવાસો માટે કન્સ્ટ્રક્શન દરમ્યાન હેવી મશીનરીની જરૂરિયાત રહેતી હોય જે માટે સાઈટ નજીક તે પહોચી શકે અને તેને રાખવા પુરતી જમીન મેળવવામા મુશ્કેલી થાય છે.<br>3. નવીન ટેકનોલોજીથી આવાસો બન્યા બાદ તેમા રિપેરીંગ/રેટ્રોફિટીંગ કે કોઇ ફેરફાર કરવામા મુશ્કેલી જણાય છે. નાનો ફેરફાર પણ લોકલ લેવલે શક્ય ન હોય, સંબંધિત ટેકનોલોજી પ્રોવાઇડરની જરૂરિયાત રહે છે<br>4. નવીન ટેકનોલોજીથી બનતા આવાસોની કામગીરી દરમ્યાન કે પુર્ણ થયા બાદ તેમા આંતરિક કે બાહ્ય ફેરફાર કરી શકાતા નથી.<br>5. આવાસ બન્યા બાદ ઇલેક્ટ્રિકલ, પ્લમ્બિંગ અને ગેસ પાઇપ લાઇન જેવા કનેક્શનમા વધારા-ઘટાડા કરવા મુશ્કેલી જણાય છે.<br>6. સ્ટોક હોલ્ડર્સ કન્વેન્શનલ ટેકનોલોજી છોડી તે નવીન ટેકનોલોજી અપનાવવા રૂપાંતરિત કરવા મુશ્કેલી જણાય છે.<br>7. આવાસ લેનાર કુટુંબો કન્વેન્શનલ ટેકનોલોજીથી બનેલ આવાસોમા રહેવા ટેવાયેલ હોય અને નવી ટેકનોલોજીથી બનેલ આવાસો ખરીદવા અને તેમા રહેવા જવા તૈયાર કરવામા મુશ્કેલી જણાય છે.<br>8. નવીન ટેકનોલોજી અમલી બનાવવા ટેન્ડરમા સ્થાનિક એજન્સીઓ સાથે ટેકનોલોજી પ્રોવાઇડરની જે.વી. ની જોગવાઇ વગર અમલીકરણ મુશ્કેલ છે. | | |
| ૭ | શહેરી કચરાનું રિસાયકિલંગ – પ્રવાહી અને ઘન કચરો:<br>શહેરી વિસ્તારમાં કચરો પેદા કરનાર દરેક વ્યક્તિ અથવા વ્યક્તિઓનાં સમૂહ, દરેક રહેણાંક મકાન તથા સંસ્થાઓ સહિત બિન-રહેણીક સંસ્થાઓ જે ઘન કચરો ઉત્પન્ન કરતી હોય તેવા તમામની જવાબદારી છે કે કચરો પેદા થાય તે સ્થળે જ ત્રણ અલગ અલગ પ્રકારે છુટો પાડીને સંગ્રહ કરે જેથી તેનું રિસાયકિલંગ કરી શકાય.<br>રાજયના તમામ શહેરો અને નગરો સ્વચ્છ બને, તેમાં ૧૦૦ ટકા સફાઇ થાય, ઘરે ઘરેથી કચરો એકત્ર થાય, ઘન કચરાનુ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | એમ.ડી., સ્વચ્છ ભારત મિશન |

| | | | |
|---|---|---|---|
| | સુવ્યવસ્થિત એકત્રીકરણ અને પરિવહન, તેમજ વૈજ્ઞાનિક ઢબે નિકાલ સાથે સાથે ઘન કચરાને વેસ્ટ તરીકે નહી પરંતુ સંસાધન ગણીને ઘન કચરાનો ઉપયોગ કરી ઉર્જાનો વૈકલ્પિક સોર્સ એટલે કે ગ્રીન પાવર મેળવવા તથા ડ્રેનેજ વોટર રી-સાયકલ અને રી-યુઝ કરવાનાં આશયથી માન વડાપ્રધાનશ્રી દ્વારા તા.૧ ઓકટોબર ૨૦૨૧નાં રોજ નવી દિલ્હી ખાતે થી સ્વચ્છ ભારત મિશન અર્બન -૨.૦ લોન્ચ કરવામાં આવેલ છે.<br>રિસાયક્લિંગ એ નકામા પદાર્થોને નવી સામગ્રી અને વસ્તુઓમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા છે. રિસાયક્લિંગ અંતર્ગત ઘણીવાર કચરો સામગ્રીમાંથી ઊર્જાની પુનઃપ્રાપ્તિનો સમાવેશ થાય છે. સામગ્રીની પુનઃઉપયોગીતા તેની મૂળ સ્થિતિમાં હતી તે ગુણધર્મોને ફરીથી પ્રાપ્ત કરવાની તેની ક્ષમતા પર આધાર રાખે છે.<br>રિસાયકિલંગ એ કચરાના ઘટાડાનો મુખ્ય ઘટક છે અને કચરાના ત્રણ મુખ્ય ઘટકો "કચરો ઘટાડો,કચરાનો પુનઃઉપયોગ અને કચરાનું રિસાયકલ" આ કચરાના મુખ્ય ઘટક છે.<br>આદર્શ અમલીકરણમાં, સામગ્રીને રિસાયકલ કરવાથી સમાન સામગ્રીનો નવો પુરવઠો ઉત્પન્ન થાય છે-ઉદાહરણ તરીકે, વપરાયેલ ઓફિસ પેપરને નવા ઓફિસ પેપરમાં રૂપાંતરિત કરવામાં આવે છે. અને પોલિસ્ટરીન ફોમનો ઉપયોગ નવા પોલિસ્ટરીમાં કરવામાં આવે છે. અમુક પ્રકારની સામગ્રી, જેમ કે ધાતુના કેન, તેમની શુદ્ધતા ગુમાવ્યા વિના વારંવાર પુનઃનિર્માણ કરી શકાય છે. અન્ય સામગ્રીઓ સાથે, આ ઘણીવાર મુશ્કેલ અથવા ખૂબ ખર્ચાળ હોય છે (કાચા માલ અથવા અન્ય સ્ત્રોતોમાંથી સમાન ઉત્પાદનના ઉત્પાદનની તુલનામાં), તેથી ઘણા ઉત્પાદનો અને સામગ્રીના "રિસાયક્લિંગ" માં વિવિધ સામગ્રી (ઉદાહરણ તરીકે, પેપરબોર્ડ) ના ઉત્પાદનમાં તેનો પુનઃઉપયોગ શામેલ છે.<br>પ્લાસ્ટિક રિસાયક્લિંગ એ સ્ક્રેપ અથવા નકામા પ્લાસ્ટિકને પુનઃપ્રાપ્ત કરવાની અને ઉપયોગી ઉત્પાદનોમાં સામગ્રીને પુનઃપ્રક્રિયા કરવાની પ્રક્રિયા છે. જે કેટલીકવાર તેમની મૂળ સ્થિતિથી સંપૂર્ણપણે અલગ હોય છે. દાખલા તરીકે, સોફ્ટ ડ્રિંકની બોટલો પીગળીને પછી તેને પ્લાસ્ટિકની ખુરશીઓ અને ટેબલ તરીકે કાસ્ટ કરવી.<br>સ્વચ્છ ભારત મિશન અર્બન -૨.૦માં પણ used waster managementનો નવા કમ્પોનન્ટ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. પ્રવાહી કચરાનાં રીસાયકલીંગ માટે તમામ મહાનગરપાલિકામાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાંટ બનાવવા માં આવેલ છે. તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાંટમાંથી ટીગ્મેન્ટ કરેલ પાણીનો રીયુઝ કરવામાં આવે છે. ઘરોમાંથી નીકળતા ગંદા પાણીનો બગીચામાં, રોડ સફાઈ માટે, ટોઈલેટ ફલશીંગ માટે પુનઃઉપયોગ કરી શકાય | | |

| | | | |
|---|---|---|---|
| | છે.તથા વિવિધ કંપનીમાં પણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માંથી ટ્રીટમેન્ટ કરાયેલ પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી ફ્રેશ વોટરનો ઉપયોગ ઘટાડીને રીયુઝ વોટરનો ઉપયોગ વધારી શકાય છે. | | |
| ૮ | રાજ્યમાં કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટેની વ્યૂહરચના વિકસાવવી<br>• સી.એમ રિસર્ચ ફેલોસીપ હેઠળ પ્રાકૃતિક કૃષિ પધ્ધતીની અમલવારીમાં પડતી મુશ્કેલીઓ અંગે તલશ્પર્શી અભ્યાસ કરી જુદા જુદા તારણો –સુચનો રજુ કરશે તેમજ તે અંગેના નવા પ્રોજેક્ટ –યોજનાઓના ઘડતરમાં મદદરૂપ થશે.<br>• પ્રાકૃતિક કૃષિ પધ્ધતીના ખેડૂત ઉપયોગી વૈજ્ઞાનીક સંશોધનો કરાવવામાં મદદરૂપ થશે.<br>• પ્રાકૃતિક કૃષિના સંશોધનોને વધુ સારી રીતે ખેડૂતો અપનાવે તે માટે વધુ સારી પધ્ધતિ સૂચવશે.<br>• રાજ્ય માં ટ્રાઇબલ તેમજ બિન પિયત વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ સરળતાથી થઇ શકે તેમ છે જેથી આ વિસ્તારના ખેડુતોને વધુ સારી રીતે મદદરુપ થાય તે મુજબ ના કાર્યક્રમ–યોજનાઓ સૂચવશે.<br>• અન્ય રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ બાબતે ચાલતા કાર્યક્રમો–યોજનાઓ વિગેરેનો અભ્યાસ કરીને રાજ્યમાં વધુ સારી રીતે પ્રાકૃતિક કૃષિના અમલીકરણ માટે સૂચનો કરશે.<br>• પ્રાકૃતિક કૃષિ માટે વિવિધ યોજનાઓના હેઠળ મંજુર થયેલ મેનપાવર ની ઉપલબ્ધી માટે પ્રતિનિયુક્તિથી નિમણૂક કરાવવામાં તેમજ આઉટસોર્સ મેન પાવર માટે પ્લેસમેન્ટ એજન્સી ની પસંદગી પ્રક્રિયામાં મદદરૂપ થવું.<br>• પ્રાકૃતિક કૃષિના અસરકારક અમલીકરણ માટે સમયાંતરે ફિલ્મ વિઝીટ કરશે અને કૃષિ ખાતાના અધિકારીઓ તેમજ ખેડૂતો સાથે ચર્ચા કરી વહીવટી તેમજ તાંત્રિક સમસ્યાના નિરાકરણ માટે સરકાર કક્ષાએ વિગતો–અહેવાલ રજૂ કરવા અને વધારે સારા સુચનો કરશે.<br>• કૃષિ વિભાગ હેઠળની વિવિધ ખાતાની વડી કચેરીઓ,રાજ્ય કૃષિ યુનિવર્સિટી, કૃષિ વિજ્ઞાન કેંદ્રો, ગુજરાત એગ્રો ઇ.કો.લી જેવી વિવિધ કચેરીઓ–બોર્ડ કોર્પોરેશન સાથે સંકલન કરી પ્રાકૃતિક કૃષિનું વ્યાપ વધે તે માટે જરૂરી મોનિટરિંગ અને સંકલન કરવું અને માહિતી | કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ | નિયામકશ્રી, એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી(ATMA) |

| | | | |
|---|---|---|---|
| | તેમજ અહેવાલ તૈયાર કરાવવા.<br>● માહિતી ખાતા જેવા સરકારના અન્ય વિભાગો સાથે સંકલન કરી પ્રાકૃતિક કૃષિની પબ્લિસિટી માટે ,ગ્રામ વિકાસ વિભાગ હેઠળની જિ.એલ.પી.સી મારફતે સેલ્ફ હેલ્પ ગ્રુપ ની કૃષિ સખિ મહિલાઓને પ્રાકૃતિક કૃષિ જોડવામાં તેમજ સહકાર વિભાગ સાથે સંકલન કરી પ્રાકૃતિક કૃષિ ખેત પેદાશોના વેચાણ માટે યોગ્ય મોનીટરીંગ અને અમલવારી કરાવવી. | | |
| ૯ | સિંચાઈની સંપૂર્ણ ક્ષમતાની અનુભૂતિ અને નર્મદાના પાણીનો મહત્તમ ઉપયોગ<br>1. ગુજરાત રાજ્યનો ભૌગોલિક વિસ્તાર ૧૯૬ લાખ હેક્ટર છે, જ્યારે રાજ્યનો ખેતીલાયક વાવેતર વિસ્તાર ૯૭.૮૭ લાખ હેક્ટર છે. સરદાર સરોવર (નર્મદા) પ્રોજેક્ટ દ્વારા ૧૮.૩૧લાખ હેક્ટર સહિત ૪૮.૫૫લાખ હેક્ટરમાં ભૂતળ જળ દ્વારા છેવટની એકંદર સંભવિત સિંચાઇ ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. તેવી જ રીતે, ભૂગર્ભ જળ દ્વારા લગભગ ૨૨.૫૯લાખ હેક્ટર સિંચાઈ આકારવામાં આવી છે. આમ, ભૂતળ અને ભૂગર્ભ જળ દ્વારા કુલ એકંદરે ૭૧.૧૪ લાખ હેક્ટર સિંચાઈ શક્તિ ઉત્પન્ન થવાનો અંદાજ છે. મોટી, મધ્યમ, નાની સિંચાઈ યોજનાઓ, ચેકડેમ અને સુજલામ સુફલામ યોજના અને સરકારી અને ખાનગી ટ્યુબવેલ દ્વારા પરોક્ષ લાભો દ્વારા ઉભી કરાયેલ સિંચાઈ ક્ષમતા લગભગ ૬૯.૪૪લાખ હેક્ટર છે.<br><u>જળસંચય ક્ષેત્રે જળસંપત્તિ વિભાગ દ્વારા રાજ્યમાં થયેલ કામગીરી</u><br>❖ જળસંચય ક્ષેત્રે ગુજરાત રાજ્યએ કરેલી કામગીરીને દેશમાં નમૂનારૂપ કામગીરી તરીકે બિરદાવવામાં આવી છે. હજારો ચેકડેમ, ખેત તલાવડીઓ, બોરીબંધ, જલમંદિરો, તળાવો ઊંડાં કરવાનું અભિયાન, જૂની કેનાલોનું મરામત અને આધુનિકરણ, ટપક અને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ, સુજલામ્ સુફલામ્ યોજના, ક્ષાર પ્રવેશ નિયંત્રણ યોજના વગેરે યોજનાઓનાં નોંધપાત્ર અને અપેક્ષિત પરિણામ મળ્યાં છે. જળસંચય અભિયાનને લીધે ગુજરાતમાં પાણીનાં તળ ઊંચાં આવતાખેત ઉત્પાદનમાં મોટા પાયે વૃધ્ધિ થયેલ છે.<br>❖ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૧૬૧ નાના અને ૧૦૨ મોટા ચેકડેમો મળી કુલ ૨૬૩ નવાચેકડેમો વિભાગ હેઠળ પૂર્ણ થયા છે.ચાલુ વર્ષે ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન | જળ સંપતિ પ્રભાગ, (નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ) | સચિવશ્રી, જળ સંપતિ, (નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ) |

| | | | |
|---|---|---|---|
| | તા.૩૦/૧૦/૨૦૨૩ સુધીમાં વિવિધ યોજનાઓ થકી રાજ્યમાં ૧૧૭ નાના ચેકડેમો અને ૧૦૮ મોટા ચેકડેમો મળી કુલ ૨૨૫ ચેકડેમો પૂર્ણ થયા છે. આ ઉપરાંત, ૧૫૩ નાના ચેકડેમો તથા ૩૪ મોટા ચેકડેમના કામો પ્રગતિ હેઠળ છે, આ તમામ ચેકડેમો પૂર્ણ થતાં આગામી વર્ષે આશરે ૨૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈના આડકતરો લાભ મળશે.<br>❖ રાજ્યમાં વિવિધ વિભાગો હેઠળમાર્ચ-૨૦૨૩ સુધીમાં કુલ ૧,૮૬,૯૧૨ જેટલા ચેકડેમોના કામો પૂર્ણ થતા આશરે ૪,૪૯,૨૨૮ હેક્ટર વિસ્તારને સીધી અને આડકતરી સિંચાઈના લાભ મળે છે. વધુમાં, માર્ચ–૨૦૨૩ સુધીમાં ૧૨૫૩૭૭ બોરીબંધો અને ૩૨૩૨૬૮ ખેત/સીમ/વન તલાવડીના કામો પૂર્ણ કરેલ છે.<br>❖ સને ૨૦૧૧–૧૨ થી જાન્યુઆરી-૨૦૨૨ દરમ્યાન કૂલ ૬૨૩૭ ચેકડેમોને ઉંડા ઉતારવાની કામગીરી જળસંપત્તિ વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.<br>❖ વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન જળસંપત્તિ વિભાગ દ્વારા રાજ્યમાં કુલ ૧૧૭૨ ચેકડેમ મરામતની કામગીરી પુર્ણ કરવામાં આવેલ.સને ૨૦૦૯–૧૦ થી ૨૦૨૨–૨૩ દરમ્યાન એટલે કે છેલ્લા ૧૨ વર્ષ દરમ્યાન જરુરિયાત મુજબનાં કૂલ ૧૬,૬૮૦ થી વધુ ચેકડેમોની મરામતની કામગીરી જળસંપત્તિ વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.તે જ રીતે ચાલુ વર્ષ ૨૦૨૩–૨૪માં જુન–૨૦૨૩ સુધીમાં રાજ્યમાં ૨૯૦ ચેકડેમ મરામતની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.તેમજ હાલમાં સરકારશ્રી દ્વારા ૮૦:૨૦ દ્વારા લોકભાગીદારીના ધોરણે ચેકડેમમરામત કરવાનુ આયોજન કરાયેલ. જેમાં ૩૫૦ થી વધુ ચેકડેમ મરામતનું કામ પુર્ણ કરવામાં આવેલ છે.<br>સુજલામ સુફલામ જળ અભિયાન<br>● સરકારશ્રી દ્વારા સમગ્ર રાજ્યમાં પાણીના સંગ્રહનો વ્યાપ વધારવા ઝુંબેશ સ્વરૂપે છેલ્લા ૬વર્ષથી સુજલામ સુફલામ જળ અભિયાન હાથ ધરવામાં આવેછે. આ કામગીરીમાં જનભાગીદારી વધારવાની તથા પાણી બચાવવા અને પાણીનો બગાડ અટકાવવા લોકમાનસમાં જાગૃતિ ફેલાય તેવી વિચારધારા સાથે વર્ષ ૨૦૧૮ માં ૧લીમે એટલેકે ગુજરાત સ્થાપના દિનથી ૧ મહિના માટે અભિયાનની કામગીરી શરૂ કરવામાં આવી. અભિયાનને મળેલ બહોળા પ્રતિસાદ તથા ઉત્કૃષ્ટ પરિણામને ધ્યાને લઇ વર્ષ ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૩ માં જળ સંગ્રહ | | |

| | | | |
|---|---|---|---|
| | શક્તિમાં વધારો થાય તથા શ્રમિકોને રોજગારી મળે તે આશયથી સમગ્ર રાજ્યમાં આ અભિયાન હાથ ધરવામાં આવેલ.<br>● રાજ્ય સરકારના જળસંપત્તિ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ લિ. એમ જુદા જુદા ૬ વિભાગો દ્વારા એક સાથે મળી અભિયાનનો ઉદ્દેશ પૂર્ણ થાય તે મુજબ કામગીરી હાથ ધરવામાં આવે છે.<br>● છેલ્લા ૬ વર્ષમાં કુલ ૯૮૨૩૪ કામો હાથ ધરવામાં આવેલ છે, જે પૈકી મુખ્યત્વે તળાવો ઉંડાકરવાના/નવા તળાવોના ૩૫૩૦૩ કામો, ચેકડેમ ડિસિલ્ટીંગના ૨૧૩૮૯ કામો તથા ચેકડેમ રીપેરીંગના ૫૫૩૭ કામો કરવામાં આવેલ છે. કુલ ૬૩૬૪૩ કિ.મી. લંબાઇમાં નહેરોની તથા કાંસની સાફસફાઇના કામો કરવામાં આવેલ છે.<br>● આ અભિયાન અંતર્ગત થયેલ કામોથી જળસંગ્રહશક્તિમાં કુલ ૧૦૭૬૨૧ લાખ ઘનફૂટ જેટલો વધારો થયેલ છે.<br><u>નર્મદાના પાણીનો મહત્તમ ઉપયોગ</u><br>1. નર્મદાના પૂરના વધારાના પાણીથી ઉત્તર ગુજરાતના જળાશયો તેમજ તળાવો ભરવા માટે સુજલામ સુફલામ યોજના અંતર્ગત મૂળ આયોજન મુજબ ૧૪ ઉદ્દવહન સિંચાઇ પાઇપલાઇનો પૈકી ૧૨ ઉદ્દવહન સિંચાઇ પાઇપલાઇનોના કામો પૂર્ણ થયા છે. તેમજ ભાસરીયાથી સામેત્રા પાઈપલાઈન, કુડા-ડભોડા-ભીમપુર (વરસંગ તળાવ)પાઇપલાઇન અને ધાંધુસણ થી રેડ લક્ષ્મીપુરા તથા ખેરવા થી વિસનગર પાઇપલાઇનની ભૌતિક કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.જ્યારેથરાદથી સીપુઅને ખેરવા થી વિસનગરઉદ્દવહન પાઇપ લાઇનની કામગીરીપ્રગતિમાં છે. થરાદ થી સીપુ પાઇપલાઇનથી બનાસકાંઠા જિલ્લાના આશરે ૬૦૦૦ હેક્ટર વિસ્તારને તેમજ ખેરવાથી વિસનગર પાઈપલાઈનથી મહેસાણા જિલ્લાના કુલ ૩૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે. આ યોજનાઓ થકી અંદાજે ૭૦૦૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇમાં પ્રત્યક્ષ/પરોક્ષ લાભ મળતા થયા છે.<br>2. સરદાર સરોવર યોજનાની સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ મારફતે નર્મદાના પુરના વધારાના પાણી પૈકી એક મીલીયન એકર ફીટ પાણી (૪૩૫૬૦ મીલીયન ઘન ફુટ) મેળવી સૌરાષ્ટ્ર | | |

| | | | |
|---|---|---|---|
| | વિસ્તારના ૧૧ જીલ્લાના ૧૧૫ જળાશયો ભરવાની મહત્વાકાંક્ષી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ (સૌની) યોજનાની ચાર લીંક પાઈપલાઈન અંતર્ગત પ્રથમ તબકકાના કામો પૂર્ણ થયા છે અને યોજનાનો લાભ મળવાનો શરૂ થઇ ગયેલ છે. સૌની યોજનાના બીજા તબક્કાના ચાર લીંકના ૧૨ પેકેજના  કામો મહદઅંશે પુર્ણ થયેલ છે. ત્રીજા તબક્કાના એક પેકેજનું કામ પૂર્ણ કરી ભાવનગર શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા બોરતળાવવામાં નર્મદાના નીર ભરવામાં આવેલ છે. જ્યારે અન્ય ૬ પેકેજોની કામગીરી પણ પ્રગતિમાં છે જે આગામી નાણાકીય વર્ષમાં પુર્ણ કરવાનું આયોજન છે તેમજ બે પેકેજનું કામ ટેન્ડર તબક્કેઅને એક ટેન્ડરનું કામ તાંત્રિક મંજુરી તબક્કે છે. યોજના પુર્ણ થયે ૩,૩૩,૮૬૫ હેકટર કરતાં વધુ વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ થશે. સૌની યોજનાની પૂર્ણ થયેલ કામગીરીથી અત્યાર સુધીમાં ૫૩ જળાશયો, ૧૩૧ તળાવો અને ૮૬૩ ચેકડેમોમાં ૪૦૬૦૦ મી. ઘનફૂટ નર્મદાના નીર ભરવામાં આવેલ છે.<br>3. ગુજરાત સરકાર દ્વારા નર્મદાના વધારાના પૂરના પાણીને કચ્છના અછતવાળા વિસ્તારોમાં ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કચ્છ જિલ્લા માટે ફાળવેલ 1 MAF પાણીના ઉપયોગ માટે કચ્છ શાખા નહેર આધારિત વિવિધ લિંક/પાઈપલાઈન યોજનાઓનું આયોજન કરવામાં આવ્યું છે.<br>તબક્કો-૧ :<br>ત્રણ અલગ-અલગ ઉદ્‌વહન પાઈપલાઈન લીંકો માટે રૂ.૪૩૬૯ કરોડની અંદાજિત કિંમતે કામગીરી શરૂ કરવામાં આવેલ છે.<br>સધર્ન લીંક અને હાઇકન્ટુર સ્ટોરેજ લીંકથી અંજાર, મુંદ્રા, માંડવી અને ભુજ તાલુકાનીર૫ સિંચાઇ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી ઉક્ત તાલુકાના ૪૭ ગામના ૩૮૮૨૪ હેક્ટર વિસ્તારને લાભ મળશે.<br>નોર્ધન લીંકથી અંજાર, ભુજઅને નખત્રાણા તાલુકાની ૧૨ સિંચાઇ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી ઉક્ત તાલુકાના ૨૨ ગામના ૩૬૩૯૨ હેક્ટર વિસ્તારને લાભ મળશે. | | |

| | | | |
|---|---|---|---|
| | સારણ લીંકથી રાપર તાલુકામાં સારણ જળાશયમાં પાણી ભરવામાં આવશે જેનાથી રાપર તાલુકાના ૮ ગામના ૨૯૦૦૦ હેક્ટર વિસ્તારને લાભ મળશે.<br>આમ, આ કામગીરી વર્ષ ૨૦૨૫ માં પૂર્ણ થતાં કચ્છ જિલ્લાના કુલ ૬ તાલુકામાં ૩૮ સિંચાઇ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી ૭૭ ગામના ૧,૦૪,૨૧૬ હેક્ટર વિસ્તારને લાભ મળશે.<br>તબક્કો-૨ :<br>આ તબક્કામાં રૂા.૨૩૦૪.૯૨ કરોડની કિંમતે બે ઉદ્વહન પાઈપલાઈનોની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.જે હાલ ટેન્ડર સ્ટેજે છે.<br>સધર્ન લીંકથી માંડવી, નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકાની૨૮ સિંચાઇ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી ઉક્ત તાલુકાના ૨૮ ગામના ૩૬૫૧૪ હેક્ટર વિસ્તારને લાભ મળશે.<br>નોર્ધન લીંકથી નખત્રાણા અને લખપત તાલુકાની ૧૩ સિંચાઇ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી ઉક્ત તાલુકાના ૨૫ ગામના ૩૧૬૮૧ હેક્ટર વિસ્તારને લાભ મળશે.<br>આમ, તબક્કા-૨ ની કામગીરી વર્ષ ૨૦૨૫ માં પૂર્ણ કરીને ૪ તાલુકાની ૪૧ સિંચાઈ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે અને તેનાથી ૫૩ ગામોના ૬૮૧૯૫ હેક્ટર વિસ્તારને લાભ મળશે.<br>સિંચાઈ વિભાગને લગતા પ્રશ્નો:-<br>- નહેરો મારફતે છેવાડાના ખેતરો સુધી પાણી ન પહોંચવું, આગળના ખેડુતો દ્વારા પાણીનો બિન જરૂરી વધુ વપરાશ, અનઅધિકૃત પાણીનો વપરાશ વગેરે<br>- પિયત મંડળીઓની બિન કાર્યક્ષમતા<br>- ભૂગર્ભ જળનો સિંચાઇ માટે વ્યાપક વપરાશ<br>ફેલો પાસેથી કામની અપેક્ષા:-<br>- નહેર સિંચાઈ વ્યવસ્થાપન, ખેતરમાં પાણીનો કાર્યક્ષમ ઉપયોગ અને પિયત સહકારી મંડળીઓનો અપુરતો સહયોગ વગેરે મુશ્કેલીઓનો અભ્યાસ કરવા માટે Fellow પાસેથી અપેક્ષા છે.<br>- તેઓ ખેડૂતોને પિયત સહકારી મંડળીઓની સક્રિય ભાગીદારી અને ક્ષમતા નિર્માણ માટે શિક્ષિત કરવા, સિંચાઈમાં કાર્યક્ષમ પાણીના ઉપયોગને અનુસરવા, | | |

| | | | |
|---|---|---|---|
| | ભૂગર્ભ જળનો વપરાશ ઘટાડવા, નહેર સિંચાઈ વ્યવસ્થાપનમાં સુધારણા વગેરે માટે સૂચનો આપે તેવી અપેક્ષા છે.. | | |
| ૧૦ | પ્રવાસન પ્રમોશન: હેરિટેજ, વાઈલ્ડલાઈફ, બીચ, કોન્ફરન્સ, રમતગમત, શહેર, સરહદ, ધાર્મિક, સર્કિટ વગેરે:-<br>તાજેતરના વર્ષોમાં ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે નોંધપાત્ર વૃદ્ધિ નોંધાતા પ્રવાસીઓની સંખ્યામાં વૃદ્ધિ નોંધાયેલ છે. તાજેતરમાં ભારત સરકારના પર્યટન મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ "ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિક્સ ૨૦૨૩" મુજબ ગુજરાત વિદેશી પ્રવાસીઓના આગમનની દ્રષ્ટિએ પ્રથમ અને સ્થાનિક પ્રવાસીઓના આગમનની દ્રષ્ટિએ પાંચમાં ક્રમે આવેલ છે. ભારતમાં આવતા વિદેશી પ્રવાસીઓમાંથી ૧૭.૮૦ લાખ વિદેશી પ્રવાસીઓ ગુજરાતમાં આવતા હોવાથી દેશમાં તેનો ફાળો ૨૦.૭૦% છે. વધુમાં, સ્થાનિક પ્રવાસીઓની સંખ્યા ૧૩.૫૮ કરોડ હોવાને કારણે દેશમાં રાજ્યનો ફાળો ૭.૮૫% થવા પામે છે. ગુજરાત રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસીઓની સંખ્યા વધારવા માટે અનેક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તેમાંથી મુખ્ય પગલું વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલ AATITHYAM પોર્ટલ અંગેનું છે.<br>ગુજરાતમાં પ્રવાસનને વેગ આપવા માટે હાથ ધરાયેલ મહત્વના પગલાં નીચે મુજબ છે.:<br>૧. આધ્યાત્મિક પ્રવાસન:<br>રાજ્યના ધાર્મિક સ્થળોને વિકસાવવા માટે વિવિધ પગલાં લેવામાં આવેલ છે, જેમાં અંબાજી મંદિર, દ્વારકાધીશ મંદિર, સોમનાથ મંદિર, શ્રી મહાકાળી માતા મંદિર-પાવાગઢ, માતાનો મઢ, શ્રી રૂક્ષમણી માતા મંદિર અને પાલિતાણા મંદિર જેવા જૈન મંદિરોનો યાત્રાળુ પ્રવાસન માટે સર્વગ્રાહી વિકાસ કરવામાં આવેલ છે.<br>૨. પ્રવાસન વૃદ્ધિ:<br>ગુજરાત સરકાર તેમજ પ્રવાસન વિભાગ દ્વારા માર્કેટીંગ ઝુંબેશ, ટ્રાવેલ એક્સ્પો અને આંતરરાષ્ટ્રીય આયોજનમાં ભાગ લઈને રાજ્યને એક પ્રવાસન ગંતવ્ય સ્થાન તરીકે વિકસાવવા માટે સક્રિય પગલાંઓ લેવામાં આવ્યા છે.<br>3. હેરીટેજ અને સાંસ્કૃતિક પ્રવાસન:<br>ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, ઐતિહાસિક સ્થળો અને પરંપરાગત તહેવારોની ઉજવણીને કારણે રાજયની અનોખી સાંસ્કૃતિક વિરાસતને અનુભવવા ઇચ્છતા પ્રવાસીઓ આકર્ષાયા છે. પ્રવાસીઓની સંખ્યામાં વૃદ્ધિ કરવા માટે વડનગર, ચાંપાનેર-પાવાગઢ પુરાતત્વ સંકુલ, રાણીની વાવ, સૂર્ય મંદિર | પ્રવાસન પ્રભાગ,<br>ઉદ્યોગ અને ખાણ વિભાગ | મેનેજીંગ ડીરેક્ટર,<br>પ્રવાસન નિગમ લિ. |

મોઢેરા,ધોળાવીરા અને અમદાવાદ જેવા ઐતિહાસિક શહેરનો વિકાસ કરવામાં આવેલ છે.

૪. ઇકો-ટુરીઝમ અને વન્યજીવન:

રાજ્યના વૈવિધ્યપૂર્ણ વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટીને માણવા માટે કચ્છના રણ, ગીર–રાષ્ટ્રીય ઉદ્યાન, સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવી જગ્યાઓએ કુદરત પ્રેમીઓ અને વન્યજીવ પ્રેમીઓને આકર્ષ્યા છે. શીવરાજપુર, દ્વારકા, માંડવી અને સોમનાથના દરિયાકિનારાના બીચના વિકાસને કારણે તેઓ પ્રવાસીઓમાં લોકપ્રિય બન્યા છે.

૫. સીમા પ્રવાસન (સીમા દર્શન):

ગુજરાતમાં નડાબેટ ખાતે સીમા દર્શનનો કાર્યક્રમ યોજાય છે. ભારતના સરહદ પર ગોઠવાયેલા લશ્કરની કામગીરી નિહાળવાની આ એક સુંદર તક છે. મેન્ગૃવ (ચેર)ની સહેલગાહ, પક્ષીઓ અને પ્રાણીદર્શન, કુદરતી સહેલગાહ અને અન્ય સંખ્યાબંધ સુવિધાઓ વિકસાવવા માટે કોરી ક્રીક પ્રવાસન વિકાસનું આયોજન કરવામાં આવેલ છે.

૬. વ્યાપાર અને વેપાર પ્રવાસન:

ગુજરાતના સુદ્રઢ ઔદ્યોગિક વિકાસ અને વ્યવસાયની તકોના પરિણામે પરિષદો, ટ્રેડ શોમાં હાજરી આપી રોકાણની સંભાવનાઓ ચકાસવા વ્યાપારિક પ્રવાસીઓનો ધસારો જોવા મળેલ છે.

૭. ઈવેન્ટ ટુરીઝમ:

ગુજરાતમાં સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમો અને ઉત્સવો યોજાય છે, જેમ કે જી–૨૦ સમિટ, નવરાત્રી, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ અને રણોત્સવ. જે ચોક્કસ સમયગાળા દરમિયાન પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરે છે.

સમસ્યા નિવેદન

"ગુજરાત રાજ્યના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને વૈવિધ્યપૂર્ણ આકર્ષણોને ધ્યાનમાં લેતાં ગુજરાત ટુરીઝમ કેટલાક પડકારો અનુભવી રહેલ છે કે જેના કારણે મહત્તમ વિકાસ અને સાતત્યપૂર્ણ ઓળખ મેળવી શકેલ નથી. આ અભ્યાસ ચાવીરૂપ અંતરાયોની તપાસ, હયાત અને પૂર્ણ થયેલ પ્રવાસન માળખાકીય સુવિધાઓનું વિશ્લેષણ, પ્રવાસીઓના અનુભવ તથા આર્થિક વિકાસ તેમજ સાંસ્કૃતિક આદાન-પ્રદાનને ધ્યાનમાં રાખીને ગુજરાતને અગ્રણી પ્રવાસન ગંતવ્ય સ્થાન તરીકે વિકસાવવા માટેની વ્યુહાત્મક ભલામણો સુચવવા અંગે છે.

ઉક્ત સમસ્યા નિવેદનનો ઉદ્દેશ ગુજરાત પ્રવાસન ક્ષેત્રના વિવિધ પાસાનો તલસ્પર્શી અભ્યાસ કરીને, પડકારોને શોધવાથી માંડી તેમાં સુધારાની ભલામણોનો છે. અને તેનો અંતિમ ઉદ્દેશ

રાજ્યમાં પ્રવાસન પ્રવૃતિઓના વિસ્તાર અને વિકાસનો છે.

સીએમ ફેલોશિપ પ્રોગ્રામ અંતર્ગત નીચે મુજબના ઉલ્લેખિત ક્ષેત્રોનો અભ્યાસ ફેલો દ્વારા કરવાનો રહેશે.

- ગુજરાતના વિવિધ સ્થળોએ હાલમાં પ્રગતિ હેઠળ/પૂર્ણ થયેલ પ્રવાસન પ્રોજેક્ટનો અભ્યાસ કરવાનો રહેશે.
- વિવિધ સ્થળ મુલાકાતના આધારે ફેલોએ એકંદર પ્રવાસીઓના પ્રતિભાવો અને અનુભવને સુધારવા માટેના વિચારો/સૂચનો આપવાના રહેશે.
- પ્રદેશના સર્વાંગી વિકાસ અને સ્થાનિક રોજગારના સર્જનમાં પ્રવાસન પ્રોજેક્ટ્સના પ્રભાવની ચકાસણી કરવી.
- ગુજરાતના વિવિધ પ્રવાસન સ્થળોએ મુલાકાતીઓના રોકાણને વિસ્તારવા અંગેના સૂચનો/મંતવ્યો આપવા.
- પ્રવાસન પ્રોજેક્ટના સ્વાવલંબી વિકાસ અર્થે એક કાર્યક્ષમ અને અસરકારક વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી વિવિધ પ્રવાસન પ્રોજેક્ટ્સની પ્રારંભથી જાળવણી (Operations & Maintenance) સુધીની કામગીરીમાં PPP મોડલ દાખલ કરવા અંગેના સૂચન/મંતવ્ય રજુ કરવાના રહેશે.
- ગુજરાતની મુલાકાત લેતા પ્રવાસીઓના એકંદર સંતોષ અને અનુભવનું મૂલ્યાંકન કરવું તેમજ મુલાકાત લીધેલ સ્થળ વિશેની તેમના અનુભવને પ્રભાવિત કરતા મુખ્ય પરિબળોને મૂલવવાની કામગીરી.
- ગુજરાતને પ્રવાસન ગંતવ્ય સ્થાન તરીકે વિકસાવવા માટે ડિજિટલ માર્કેટિંગની વિવિધ વ્યૂહરચનાઓની અસરકારકતાનું વિશ્લેષણ તેમજ મુલાકાતીઓને આકર્ષવા માટે તેના પ્રભાવનું અધ્યયન કરવું.
- સામુદાયિક ભાગીદારીનો ગુજરાત પ્રવાસનના વિકાસ માટે કેવી રીતે ઉપયોગ કરી શકાય તે અંગે અને સ્થાનિક સમુદાય ઉપર પ્રવાસનની સકારાત્મક અસરને વધારવા માટેના વિચારો/સૂચનો આપવાના રહેશે.
- કટોકટી (કુદરતી આફતો, રોગચાળો વગેરે)ના સમય દરમિયાન ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગની સ્થિતિસ્થાપકતાનું મૂલ્યાંકન કરવું અને અસરકારક કટોકટી વ્યવસ્થાપન માટેની વ્યૂહરચના સૂચવવી.
- ગુજરાતમાં વિવિધ પ્રવાસન થીમ/પ્રયાસોની સફળતા અને પડકારોનું મૂલ્યાંકન કરવું અને જવાબદાર અને ટકાઉ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટેના પગલાંની ભલામણ કરવી.

| | | | |
|---|---|---|---|
| ૧૧ | પ્રદૂષણ નિયંત્રણ: ઔદ્યોગિક અને શહેરી:<br>ઘરગથ્થુ ગંદુપાણી (સુવેઝ)નું પ્રદૂષણ<br>- રાજ્યમાં ઉદભવતા અને વૈજ્ઞાનિક ઢબે નિકાલ થતાં સુવેઝના જથ્થામાં ઘણો તફાવત<br>- ગામડાઓમાં અને નાના શહેરોમાં સુવેઝના કલેક્શન માટે પૂરતી વ્યવસ્થાનો અભાવ જેના કારણે ટ્રીટમેન્ટ કર્યા વગરનું ઘરગથ્થુ ગંદુપાણી રીસીપન્ટ બોડી જેવી કે નદી, કુદરતી નાળા, તળાવ, દરિયા કાંઠા કે ભૂગર્ભજળ માં ભળવાથી પાણી પ્રદુષણ ની ગંભીર સમસ્યાઓ અને સુચનો<br>- શુદ્ધ પાણીના અભાવના કારણે સુકા વિસ્તારોમાં પ્રદૂષિત પાણીનો ખેતીવાડી, પશુપાલન તેમજ અન્ય માનવ વપરાશથી રોગચાળો અને અન્ય હેલ્થ ની સમસ્યાઓ<br>- ઓછા ખર્ચવાળા (લો- કોસ્ટ) સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ની વ્યાપક જરૂરિયાત<br>- મહાનગરપાલિકાઓમાં ઘરગથ્થુ ગંદા પાણી ના ઉદભવની સાપેક્ષમાં ટ્રીટ્મેંટ ક્ષમતા<br>- મોટાભાગના સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ઓપરેશનલ પ્રોબ્લેમ્સ માટે સમસ્યા અને સુચનો<br>- સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ના યોગ્ય ઓપરેશન અને મેન્ટેનન્સના અભાવે આજુબાજુના વિસ્તારમાં થતી દુર્ગંધ ની સમસ્યા<br>- ટ્રીટમેન્ટ કરેલ સુવેઝના ફરી વપરાશ માટે યોગ્ય અને પૂરતી વ્યવસ્થાના માળખા માટેના પ્રશ્નો અને સુચનો<br>ઔદ્યોગિક ગંદા પાણીનું પ્રદૂષણ<br>- રાજ્યમાં ઉદ્યોગોમાં ખૂબ વિવિધતા અને મોટા પ્રમાણમાં ઔદ્યોગીકરણ જેના કારણે ઔદ્યોગિક ગંદા પાણીની ગુણવત્તામાં અતિ વિવિધતા, કોમ્પ્લેકસીટી અને મોટા પ્રમાણમાં જથ્થો<br>- નાના ઉદ્યોગો પાસે ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચલાવવા તાંત્રિક અને આર્થિક સવલતો માટેની સમસ્યા અને સૂચનો<br>- મોટા ઉદ્યોગોમાં ઉત્પાદનની વિવિધતાના કારણે ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં નવી ટેકનોલોજીઓ અને તાંત્રિક માનવ બળની માટેની સમસ્યા અને સૂચનો<br>- સંયુક્ત શુદ્ધિકરણ પ્લાન્ટમાં ઓપરેશનલ અને મેન્ટેનન્સ પ્રોબ્લેમ્સ<br>- સભ્ય એકમોમાં નવા ઉત્પાદનો થકી ઉદભવતાના પાણીના નિકાલ માટે હયાત શુદ્ધિકરણ પ્લાન્ટોમાં | વન અને પર્યાવરણ વિભાગ | અધ્યક્ષ,<br>ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ |

| | | | |
|---|---|---|---|
| | કેપેસિટી અને નવી ટેકનોલોજી માટેની સમસ્યા અને સૂચનો<br>- સંયુક્ત શુદ્ધિકરણ પ્લાટમાં શુદ્ધ થયેલા ઔદ્યોગિક પાણીના ફરી વપરાશની વ્યવસ્થાના અભાવે નિકાલની ગંભીર સમસ્યા અને સુચનો<br>- ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ ધરાવતા એકમો દ્વારા ઔદ્યોગિક ગંદા પાણીના મેનેજમેન્ટમાં અન્ય એકમોની સાપેક્ષમાં વધુ આર્થિક ભારણ હોવાથી આર્થિક રીતે પરવડે તેવી ટેકનોલોજી, સમસ્યા અને સુચનો<br>- ઔદ્યોગિક એકમોમાં તેમજ સંયુક્ત શુદ્ધિકરણ પ્લાન્ટમાં કુશળ કારીગરોની અછત અથવા પર્યાવરણ સુરક્ષા માટેની ભાવનાઓ માટે સમસ્યા અને સુચનો<br>ઘરગથ્થુ ઘન કચરાના વ્યવસ્થાપન<br>- રાજ્યમાં ઉદ્દભવતા ઘરગથ્થુ ઘનઘચરાના જથ્થામાં તેમજ વૈજ્ઞાનિક રીતે એકત્રીકરણ કરી નિકાલ થતાં કચરાના જથ્થામાં ઘણો તફાવત<br>- મોટા શહેરોમાં ખૂબ ઝડપે વધતા વસ્તીકરણની સાપેક્ષમાં ઘન કચરાના મેનેજમેન્ટ માટે આગોતરી પ્લાનિંગ તેમજ આર્થિક વ્યવસ્થા તેમજ બજેટ પ્રોવિઝનમાં ઘણો બદલાવ જરૂરી<br>- નાના શહેરો અને ગામડાઓમાં ઘન કચરાના યોગ્ય ટ્રીટમેન્ટ અને નિકાલની વ્યવસ્થાના અભાવ ને કારણે વારંવાર રોગચાળા તેમજ અન્ય ગંદકીના પ્રશ્નો<br>- ઘન કચરાના નિકાલ માટેની નવી જગ્યાઓની પસંદગી વખતે નજીકના રહેવાસીઓ/ પબ્લિક તરફથી ઘણો વિરોધ. જ્યારે જગ્યા શહેરથી દૂર હોવાના સંજોગોમાં ઓથોરીટીને કચરાના વાહનો અને ટ્રાન્સપોર્ટેશનમાં વધુ ખર્ચ માટે સમસ્યા અને સુચનો<br>- રાજ્યમાં ઘણા સ્થળોએ લીગસી વેસ્ટ ડમ્પ સાઇટના કારણે આગના બનાવો, દુર્ગંધથી હવા પ્રદૂષણ, લીચેટથી પાણી પ્રદૂષણના ગંભીર સમસ્યાઓ અને સુચનો<br>- ઘરદીઠ ઘન કચરાના યોગ્ય વર્ગીકરણ અને વર્ગીકરણ પ્રમાણે તેના ફરી વપરાશ કે નિકાલ માટે મોટા પ્રમાણમાં જનજાગૃતિ ની જરૂરિયાત/ સુચનો<br>- ઘન કચરાના નિકાલના નિયમોના ઉલ્લંઘન માટે આકરા દંડની જોગવાઈ અને તેના અસરકારક અમલીકરણની સમસ્યા અને સુચનો<br>- મોટા શહેરોમાં વર્ગીકરણ કરેલ કચરાના યોગ્ય કલેક્શન તેમજ નિકાલ માટે ની સુવિધાઓ નો અભાવ કે અપૂરતી | | |

| | | | |
|---|---|---|---|
| | કેપેસિટી કે સંચાલનમાં ખામીઓ<br>- ફરી વપરાશ થઈ શકે તેવા ઘન કચરા અને ખાતરમાં ફેરવી શકાય તેવા બાયો ડીગ્રેડેબલ ઘનકચરાના યોગ્ય કલેક્શન થકી આર્થિક લાભ થાય તેવા મોડેલ કે પ્લાનિંગની જરૂરિયાત<br>પ્લાસ્ટીક કચરાનુ વ્યવસ્થાપનઃ<br>- પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો સંબંધિત પ્રોડયુસર, ઇમ્પોર્ટર અને બ્રાન્ડ ઓનરના રજીસ્ટ્રેશનમાં તેમજ પ્લાસ્ટીક વેસ્ટ રીસાઇકલરની સંખ્યા ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યોની સાપેક્ષમાં ખૂબ વધારે<br>- રાજ્યની પેપરમીલમાંથી નીકળતા પ્લાસ્ટીક કચરાનો ઇંધણ તરીકે સીમેન્ટમીલ માં ઉપયોગ કરવામાં આવે છે. તેજ રીતે અન્ય એકમોના પ્લાસ્ટીક કચરાનો પુનઃઉપયોગ માટે નવી ટેકનોલોજીઓ માટે સૂચનો<br>- મહાનગરપાલિકા, નગરપાલિકા તથા ગ્રામ્ય વિસ્તારમાંથી ઉદ્દભવતા પ્લાસ્ટીક કચરાના જથ્થો તથા નિયમ મુજબ નિકાલ વૈજ્ઞાનિક ઢબે પુનઃચક્રીત થાય તે માટે સમસ્યા અને સુચનો.<br>- ગ્રામ્ય વિસ્તારમાં કે તાલુકા કક્ષાએ પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ ફેસીલીટી ઉભી કરવાથી પ્લાસ્ટીક કચરાના રીસાયકલીંગ સાથે અન્ય રોજગારીની તકો ઉભી થાય તે માટે સુચનો<br>ઔદ્યોગિક જોખમી ઘન કચરા ના વ્યવસ્થાપન<br>- ગુજરાતમાં સૌથી વધારે જથ્થામાં જોખમી ઘનકચરાનો ઉદ્દભવ<br>- ઉદ્યોગોમાં વિવિધતા ના કારણે જોખમી કચરાના પ્રકારમાં પણ ખૂબ વિવિધતા, જેના કારણે તેના કલેક્શન, સંગ્રહ, ટ્રીટમેન્ટ, પુનઃ વપરાશ અને નિકાલ માટે અલાયદી વ્યવસ્થાઓની સમસ્યા અને સુચનો<br>- ઉદ્યોગોમાં ક્લીનર પ્રોડક્શન અને ક્લીનર ટેકનોલોજીના વપરાશથી જોખમી કચરો ઓછો ઉદ્દભવે તે માટે નવી ટેકનોલોજીઓ માટે સુચનો<br>- જોખમી કચરાના વૈજ્ઞાનિક રીતે પુનઃ વપરાશ માટે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા નીતિવિષયક યોજનાઓ જરૂરી<br>- ઉદ્યોગો, ટીએસડીએફ ઓપરેટર અને રેગ્યુલેટર્સ દ્વારા waste hierarchyનું ચુસ્ત અમલીકરણ માટે સુચનો | | |

| | | | |
|---|---|---|---|
| | - નિયમ પ્રમાણે લેન્ડફિલ સાઈટ ની ડિઝાઇન અને ઓપરેશન હોવા છતાં હયાત લેન્ડફિલ સાઈટો માંથી ક્યારેક હવા પ્રદુષણ, પાણી પ્રદુષણ કે સ્ટ્રકચરલ સ્ટેબિલિટી અંગેના બનાવો, યોગ્ય ક્લોઝર પ્લાન્ટ અને પોસ્ટ ક્લોઝ મોનિટરિંગ મિકેનિઝમ માટે સુચનો<br>- જોખમી કચરાના નિકાલની જગ્યાઓ માનવ વસ્તીથી અને અન્ય પર્યાવરણીય સેન્સિટીવ સ્થાનોથી કાયમ માટે અંતર જાળવવા લેન્ડયુઝ પ્લાનની જરૂરિયાત<br>કચરાનો કો-પ્રોસેસિંગમાં વપરાશ<br>- જોખમી કચરો ઉદ્દભવ કરતા એકમ કે તેને વાપરતા સિમેન્ટ ઉદ્યોગ માટે ફરજિયાત  અસરકારક રીતે કચરાના પુનઃવપરાશ માટે નિયમોમાં જોગવાઈ માટે સુચનો<br>- કો પ્રોસેસિંગમાં ભાગ લેનાર ઉદ્યોગો ને આર્થિક રીતે કે અન્ય લાભ માટે નીતિવિષયક યોજનાઓ માટે સુચનો<br>હવા પ્રદુષણ<br>- રાજ્યકક્ષાના હવા પ્રદુષણ નિયંત્રણ એક્શન પ્લાનની દરેક સ્ટેક  હોલ્ડર દ્વારા અસરકારક અમલવારી<br>- નોન એટેઈન્મેન્ટ સીટી એક્શન પ્લાન માટે રાજ્યના દરેક સંલગ્ન વિભાગો દ્વારા ભાગીદારી તેમજ યોગ્ય સમયબદ્ધ સંકલન અને અમલ– સમસ્યા અને સુચનો<br>- ઉત્તરોત્તર વધતા વાહનોની સંખ્યા પર અંકુશ અથવા ફરજિયાત પણે ક્લીન ફ્યુલ નો વપરાશ<br>- પબ્લિક ટ્રાન્સપોર્ટેશનના બહોળા વપરાશ માટે પ્લાનિંગ સમસ્યા અને સુચનો<br>- શિયાળાના સમયમાં હવા પ્રદુષણ નિયંત્રણ માટે એરિયા સ્પેસિફિક ખાસ પગલાં માટે મોટા શહેરોમાં તેમજ ઔદ્યોગિક વસાહતોમાં માઈક્રો લેવલ પ્લાનિંગ, સુચનો<br>- ઉદ્યોગોમાં ક્લીન ફ્યુલ નો વપરાશ વધે તે માટે નિતીવિષયક સુચનો<br>- બિલ્ડીંગ કન્સ્ટ્રકશન થકી હવા પ્રદુષણ અટકાવવા અસરકારક પગલાં માટે મોનેટરીગ અને દંડની જોગવાઈઓ માટે સુચનો<br>- ઉદ્યોગોમાં અકસ્માતથી થતા પ્રદૂષણને અટકાવવા જરૂરી નિવારાત્મક પગલાં તેમજ DISH જેવી ઓથોરીટી દ્વારા જરૂરી મોનિટરીંગ અને ઉદ્યોગને માર્ગદર્શન માટે સુચનો<br>- મોટા રસ્તાઓ, હાઇવે, રેલવે લાઈન વિગેરેના પ્લાનિંગ સમયે જ બંને બાજુ હવા પ્રદુષણ અને અવાજ પ્રદુષણ અટકાવવા ગ્રીન બફરઝોન ની જરુરિયાત  માટે સુચનો | | |

| | | | |
|---|---|---|---|
| | - ઔદ્યોગિક વસાહતો ફરતે યોગ્ય પ્રમાણમાં ગ્રીન બફર ઝોન ના અભાવની સમસ્યા અને સુચનો | | |
| ૧૨ | પૉલિસી ઇન્ટેલિજન્સ યુનિટ ફ્રેમવર્ક :<br>- પૉલિસી ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા ભવિષ્યની જરૂરીયાત તથા પ્રાથમિકતાઓને ધ્યાને રાખી ગુડ ગવર્નન્સ, ટેક્નોલોજી અને સામાજિક તથા આર્થિક પરિબળોનો ઊંડાણ પૂર્વ કઅભ્યાસ કરવાનો થાય છે. રાજ્ય માટે નવી ટેકનોલોજીની સુસંગતતા અને અસરોનું મૂલ્યાંકન કરીતથા કેંદ્ર સરકાર અને અન્ય રાજયોની શ્રેષ્ઠ પદ્ધતિઓ અને કેસ સ્ટડીઝનો અભ્યાસ કરવાનો અને નીતિઓના અમલીકરણ પહેલાં તેની સંભવિત અસરોનું વિશ્લેષણ કરવાનું થાયછે. નીતિના અમલીકરણ માટે સ્પષ્ટ ટાઇમ લાઇન અને કાર્ય યોજના બનાવવાનો, માઇલ સ્ટોન અને મુખ્ય પ્રદર્શન સૂચકાંકોને વ્યાખ્યાયિત કરવાની રહે છે.નીતિના અમલીકરણનું મોનિટરીંગ, રોડમેપના  પડકારોને ઓળખવા અને તેનું નિરાકરણ કરવાની બાબતનો પણ અભ્યાસ જરૂરી બને છે.પૉલિસી ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા પરિણામોના મૂલ્યાંકનમાં શાસન, સમાજ અને અર્થતંત્ર પર નીતિઓની અસરનું મૂલ્યાંકન, કે સફળતા માપવા માટે ડેટા અને ફીડબેક ભેગા કરવાખૂબ જ જરૂરી બને છે.સુધારણા માટેના ક્ષેત્રોને ઓળખવા તથા અન્ય રાજ્યો સાથે તુલના કે સ્પર્ધા થઇ શકે તેને  અનુરૂપ નીતિઓ માટે ના બેન્ચમાર્ક નિયત કરવા, નવીનતાપૂર્ણ ઓડિટ પ્રથા દાખલકરવી જરૂરી છે. | માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય | ખાસ ફરજ પરના અધિકારી,/માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી |
| ૧૩ | સુશાસનઃ<br>પૃષ્ઠ ભૂમિ :-<br>સ્પીપા એ ગુજરાતની સર્વોચ્ચ તાલીમ સંસ્થા છે. સંસ્થાનું મુખ્ય ધ્યેય સરકારી કર્મચારીઓને તાલીમ આપવા અને માનવ મૂડી વિકસાવવા પર છે. આનો હેતુ સરકારી કર્મચારીઓના જ્ઞાન અને કૌશલ્યને તમામ સ્તરે અપગ્રેડ કરવાનો છે જેથી તેઓ લોકોને વધુ સારી રીતે સેવા આપી શકે.<br>ઉદ્દેશ્યઃ-<br>મુખ્યમંત્રી સાથી બે મુખ્ય મુદ્દાઓ પર કામ કરે તેવી અપેક્ષા છે.<br>૧. સુશાસન પ્રથા તરીકે તાલીમ અને ક્ષમતા નિર્માણની સ્થાપના.<br>૨.તાલીમ હેતુ માટે વિવિધ વિભાગો સાથે સંકલન માટે પ્રમાણભૂત કાર્યપ્રણાલીની સ્થાપના કરવી<br>• ચિંતન શિબિરમાં કરવામાં આવેલ ભલામણ અન્વયે ફેલોએ વિવિધ તાલીમના મોડ્યુલ તૈયાર કરવાના રહેશે જેથી અધિકારીઓ તેઓના સેવાકાળ દરમિયાન નોકરી સંબંધિત ઉત્કૃષ્ટ કામગીરી કરી શકે અને પોતાનો વ્યક્તિગત વિકાસ કરી શકે. | સ્પીપા, અમદાવાદ | મહાનિદેશકશ્રી, સ્પીપા |

| | | | |
|---|---|---|---|
| | <ul><li>iGOT પોર્ટલ પર વિવિધ વિષયોના તાલીમના મોડ્યુલ બનાવી અને અપલોડ કરવાના રહેશે</li><li>કર્મયોગી મહાભિયાન ના ભાગરૂપે તમામ વર્ગ ૧ થી ૪ ના અધિકારીઓ અને કર્મચારીઓને સામયિક તાલીમ મળે. એના માટે ફેલો એ એક ડેટાબેઝ તૈયાર કરવાનો રહેશે જેથી કરીને તમામ સરકારી કર્મચારીઓની નિયમિત તાલીમ અને કૌશલ્ય વર્ધન થઇ શકે</li><li>CBC સાથે સંપર્કમાં રહીને વિભાગો માટે TNA તેમજ ACBP (Annual Capacity Building Plans) બનાવવામાં મદદ કરવાની રહેશે</li><li>રાજ્ય તેમજ રાષ્ટ્રીય તાલીમી સંસ્થાઓ સાથે જુદાજ–જુદા વિષયો પર તાલીમ આપવા માટે ભાગીદારી કરવાની રહેશે.</li></ul> | | |
| ૧૪ | ગ્રામ્ય કચરાનું રિસાયકિલંગ – પ્રવાહી અને ઘન કચરો:-<br>સ્વચ્છ ભારત મિશન(ગ્રા) યોજનાના ફેઝ-૨ અંતર્ગત ગામોને ODF Plusની વિવિધ કેટેગરી જેવી કે, Aspiring, Rising અને Modelમાં લાવવા માટે વ્યક્તિગત શૌચાલય, ઘનકચરા વ્યવસ્થાપન, પ્રવાહી કચરા વ્યવસ્થાપન વગેરેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.<br>સ્વચ્છ ભારત મિશન(ગ્રા) ફેઝ-૨ના ભાગરૂપે વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં રાજ્યના તમામ ગામોને ODF+ મોડલ જાહેર કરવાનો લક્ષ્યાંક છે. વધુમાં ગામોકે જ્યાં ઘન અને પ્રવાહી કચરા વ્યવસ્થાપન અંતર્ગત વિવિધ પ્રકારની અસ્કયામતોના બાંધકામ કરવામાં આવે છે.<br>(૧) સેગ્રીગેશન શેડનો લક્ષ્યાંક ૩૧૧૬ સિદ્ધિ ૧૩૯૦,<br>(૨)સામુહિક કમ્પોસ્ટ પીટ શેડનો લક્ષ્યાંક ૧૮૮૨૨ સિદ્ધિ ૧૧૮૦૧,<br>(૩) સામુહિક સોકપીટનો લક્ષ્યાંક ૫૯૨૦૯ સિદ્ધિ ૩૫૦૫૮<br>(૪) DEWATS નો લક્ષ્યાંક ૧૭૨ સિદ્ધિ ૨૦ | પંચાયત,ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | કમિશનરશ્રી વ સચિવશ્રી, ગ્રામ વિકાસ |
| ૧૫ | ડીસ્કોમ (DISCOM) ની તકનીકી અને નાણાકીય કામગીરી:-<br>(1) વિજ વિતરણ પ્રણાલીનું સંચાલન અને નિભાવ<br>(2) વિજ જોડાણો આપવા<br>(3) સરકારશ્રીની વિવિધ યોજના હેઠળના કામો<br>(4) પાવર સપ્લાયની જાળવણી<br>(5) સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટના કામો<br>(6) AT&C લોસ ઘટાડવાની વિવિધ કામગીરી<br>(7) ગ્રાહકોની ફરિયાદોના નિવારણની કામગીરી<br>(8) બીલીંગની કામગીરી | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | અગ્ર સચિવશ્રી,<br>ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ |

| | | | |
|---|---|---|---|
| | (9) વિજ બીલ કલેકશન | | |
| ૧૬ | વિકસિત ગુજરાત ૨૦૪૭:-<br>માનનીય પ્રધાનમંત્રીએ દેશની આઝાદીનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવાનાં આગામી ૨૫ વર્ષનો ઉલ્લેખ "અમૃત કાલ" તરીકે કર્યો હતો. સમૃદ્ધિની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરવી, ગામડાંઓ અને શહેરો એમ બંનેમાં શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી અને વિશ્વનું સૌથી આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવું એ India@2047ની આકાંક્ષાઓ છે.<br>૨૦૪૭ સુધીમાં ભારતના વિકાસને આગળ ધપાવવામાં ગુજરાત મહત્વની ભૂમિકા ભજવશે, જેમાં ભારત મોટું અર્થતંત્ર હશે જેની માથાદીઠ આવક વિકસિત અર્થતંત્ર જેટલી થશે. ૨૦૪૭ સુધીમાં, ગુજરાતી નાગરિકો અને સમાજ મુખ્યત્વે બે પરિમાણોમાં સમૃદ્ધ થશે:<br>● સારી જીવનશૈલી:<br>o વિશ્વ કક્ષાનું શિક્ષણ અને કૌશલ્ય વિકાસ, આરોગ્ય સેવાઓ, પોષણ, માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટી સાથે સશક્ત બનાવવામાં આવશે.<br>o સામાજિક સલામતી માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ<br>o જીવનશૈલીમાં પર્યાવરણીય ગુણવત્તા અને ટકાઉપણા પર મજબૂત પકડ<br>● સારી કમાણી: સમાન વૃદ્ધિ સાથે મલ્ટિ–ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર<br>o સમાન વૃદ્ધિમાં સાથેનું વિકસિત અર્થતંત્ર તરીકે વિકસિત થવું.<br>o કાર્યબળમાં કાર્યક્ષમતા માટેના વૈશ્વિક માપદંડ<br>o વિવિધ ક્ષેત્રોમાં આર્થિક પ્રવૃત્તિઓનું મહત્તમ મિશ્રણ, જે ઉચ્ચ મૂલ્ય–વર્ધિત પેટા–ક્ષેત્રો પ્રત્યે સુસજ્જ થશે.<br>o ઉદ્યોગ સાહસિકતા<br>આ વિઝનને પ્રાપ્ત કરવામાં આયોજન પ્રભાગની મહત્વની ભૂમિકા છે. આ વિભાગ વંચિત સમુદાયોના વિકાસ દ્વારા રાજ્યના આર્થિક અને સામાજિક ક્ષેત્રના મોનીટરીંગ અને માનવ વિકાસ સૂચકાંકમાં વધારો કરવા માટે જવાબદાર છે. રાજ્યના સાતત્યપૂર્ણ, સર્વગ્રાહી અને સર્વસમાવેશક વિકાસ માટે વિવિધ વિભાગોએ અસંખ્ય પહેલો અને કાર્યક્રમો હાથ ધર્યા છે. ગેપ એનાલિસિસ દ્વારા વિવિધ કાર્યક્રમોના અમલીકરણમાં સુધારાત્મક પગલાં લેવા માટે આયોજન પ્રભાગ વિવિધ વિભાગો સાથે સંકલન કરી રહ્યું છે.<br>વર્તમાનમાં, આયોજન પ્રભાગ ફ્લેગશીપ કાર્યક્રમો જેવા કે નિરંતર વિકાસના ધ્યેયો, આકાંક્ષી તાલુકા કાર્યક્રમ, આકાંક્ષી જિલ્લા | આયોજન પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગ | સચિવશ્રી, આયોજન, સામાન્ય વહીવટ વિભાગ |

કાર્યક્રમ અને વિકાસ ભારત 2047ના વિઝનને હાંસલ કરવા માટેની પ્રવૃત્તિઓ માટેના રોડમેપનું મોનીટરીંગ કરી રહ્યું છે. આ કાર્યક્રમો નિરંતર વિકાસ માટેની નીતિઓમાં રાજ્ય સરકારને માર્ગદર્શન આપવા માટે એક તબક્કાવાર અને મધ્યમથી લાંબા ગાળાનો અભિગમ પૂરો પાડવાનો છે. પુરાવા–આધારિત નીતિઓ ઘડવા માટે, ડેટાની દેખરેખ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

નિર્ણય લેવામાં મદદ કરવા માટે ડેટા વિઝ્યુઅલી રીતે ઉપલબ્ધ કરાવવાની જરૂર છે. ડેટા એનાલિટિક્સ ટકાઉ વૃદ્ધિ હાંસલ કરવા માટે યોગ્ય નિર્ણય લેવામાં નિર્ણય લેનારાઓને મદદ કરી શકે છે. મુખ્ય પડકારો ડેટાનું મોનિટરિંગ છે, અપૂરતો ડેટા મોનિટરિંગમાં અવરોધરૂપ છે. ઓછી ગુણવત્તાવાળા, જૂના અને અધૂરા ડેટા જે અચોક્કસ તારણો તરફ દોરી જાય છે, ખાસ કરીને સમય જતાં ડેટાની સરખામણી કરવા માટે મુશ્કેલી ઉભી કરે છે.

વિકાસ વ્યૂહરચનાઓ ડિઝાઇન કરવા અને મધ્યમ ગાળાના નિરંતર વિકાસ ધ્યેયો (SDG) 2030 અને ભારત@ 2047ના લાંબા ગાળાના વિઝનને હાંસલ કરવાના વિઝન સાથે તેનો અમલ કરવા માટે, આયોજન વિભાગમાં એક Fellow જરૂરી છે:

Fellow નીચે મુજબની સુચિત કામગીરીમાં મદદરૂપ થશે:

- જાહેર નીતિને માર્ગદર્શન આપવા માટે SDGના ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના રોડમેપને તૈયાર કરવા
- પરિણામ અને જેન્ડર બજેટ માટે પુરતા પ્રમાણમાં જરૂરી અને સમય પર ટકાઉ ધિરાણની ખાતરી કરવી:
- પ્રગતિ હેઠળના વિવિધ કાર્યક્રમો તેમજ વિઝન 2047 ના રોડમેપમાં સામાજિક સમાવેશ અને ટકાઉપણાને વિસ્તૃત કરવા માટે નવીનતાનું મોનીટરીંગ કરવું
- નવું ઇન્ડીકેટર ફ્રેમવર્ક તૈયાર કરવું, તેના ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના લક્ષ્યાંકો, SDGનું લોકલાઇઝેશન, રાજ્ય અને જિલ્લાના SDG રીપોર્ટ તૈયાર કરવો અને નબળા પર્ફોર્મેંસ ધરાવતા ઇન્ડીકેટર, SDG પ્રગતિ અને કામગીરી પર એકશન પ્લાન તૈયાર કરવો.
- ઇન્ડીકેટર્સ સાથે જોડાયેલ યોજનાઓની ઓળખ કરવી
- ઇન્ડીકેટર સાથે મેપ થયેલ યોજનાઓનું મૂલ્યાંકન અને સંપૂર્ણ અથવા આંશિક ફેરફાર અંગે સૂચનો આપવા.
- જરૂરીયાત મુજબ નવા યોજનાકીય ઇન્ડીકેટર્સ અને મેટા ડેટાને ઓળખવા, મૂલ્યાંકન કરવા અને ભલામણ કરવા વિભાગ(ઓ)ને મદદરૂપ થવુ.
- નોલેજ નેટવર્કિંગમાં જોડાયેલ તમામ સ્ટેક હોલ્ડરને વર્કશોપ/કોન્ફરન્સ/તાલીમનું આયોજનમાં મદદરૂપ થવુ.

| | | | |
|---|---|---|---|
| | ભારત સરકાર અને ગુજરાત સરકારના અન્ય વિભાગો અને ટેકનિકલ એજન્સીઓ સાથે સંપર્ક, સંકલન અને પત્રવ્યવહાર કરવામાં fellow ની ભૂમિકા મહત્વપૂર્ણ છે, જેથી મોનિટરિંગ અને રિપોર્ટિંગ પ્રગતિ સંબંધિત માહિતી એકત્રિત/ચકાસવામાં સરળતા રહે. | | |
| ૧૭ | (૧) MBKVY –મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના:-<br>રાજ્યમાં હાલની જરૂરીયાત આધારીત કુશળ માનવબળ તૈયાર કરવા હેતુસર આઈ.ટી.આઈ./ખાનગી અથવા સરકારી સ્કિલ ઈન્સ્ટીટયુટ્સ તથા ઉદ્યોગોના માધ્યમથી તાલીમાર્થીઓને ગુણવત્તાયુકત અને વર્તમાન ટેકનોલોજી મુજબની તાલીમ મળી રહે તે માટે ડિમાન્ડ આધારીત New Age Courses માં કૌશલ્ય તાલીમ આપવાનો અભિગમથી NSQF compliance ૫૧ પ્રકારના ટૂંકાગાળાના New Age Courses શરૂ કરવા માટેની મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના (MBKVY)શરુ કરવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં કૌશલ્ય મિશન દ્વારા યુવાનોને મેન્યુફેકચરીંગ, સર્વિસ તેમજ અન્ય સેક્ટરોમાં new age ટેકનોલોજી આધારીત અભ્યાસક્રમો થકી કૌશલ્ય બદ્ધ કરવા.<br>અમલીકરણ અને નિરિક્ષણ મીકેનીઝમ :<br>સદર અભ્યાસક્રમોનું અમલીકરણ જી.એસ.ડી.એમ.ના માધ્યમથી કરવામાં આવે છે. આ યોજનાને લગતી વિવિધ કામગીરીનું સંકલન, મોનિટરીંગ માટે સ્ટેટ સ્ટીયરીંગ કમિટી તથા ઈમ્પ્લીમેન્ટેશન અને મોનીટરીંગ કમિટીની અલગથી રચના કરવામા આવી છે. યોજનાનું સુચારૂ રૂપે સંકલન થાય તેમજ ઉચ્ચકક્ષાથી માર્ગદર્શન મળી રહે તે માટે અગ્રસચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અધ્યક્ષસ્થાને સ્ટિયરીંગ કમિટીની જોગવાઈ કરેલ છે.<br>સ્ટિયરીંગ કમિટી દ્વારા કરવાની થતી કામગીરી:<br>MBKVY યોજના અંતર્ગત ઉદ્યોગોની જરૂરીયાત આધારીત અભ્યાસક્રમની પસંદગી કરવી, સેક્ટર વાઈઝ/ અભ્યાસક્રમ વાઈઝ તાલીમનો લક્ષ્યાંક ફાળવવો, અમલકર્તા એજન્સીની પસંદગી અને યોગ્ય માપદંડ નક્કી કરવા, સેક્ટર વાઈઝ તૈયાર કરવામાં આવેલ Expression of Interest (EoI)/ટેન્ડર/RFP ને મંજૂરી આપવી, સેક્ટર વાઈઝ/ અભ્યાસક્રમ વાઈઝ ફાળવેલ લક્ષ્યાંકની સાપેક્ષે થયેલ પ્રગતિનો રીવ્યુ કરવો,મોનીટરીંગ કમિટી વખતોવખત યોજનાની સમીક્ષા કરશે.<br>લાભાર્થી ગૃપ: ધો- ૧૦/૧૨ પાસ વિદ્યાર્થીઓ, આઈ.ટી.આઈ. પાસ આઉટ તાલીમાર્થીઓ, ડીગ્રી-ડીપ્લોમા પાસ આઉટ | શ્રમ અને રોજગાર વિભાગ | નિયામકશ્રી, કૌશલ્ય વિકાસ |

| | | | |
|---|---|---|---|
| | વિદ્યાર્થીઓ.<br><br>ચુકવણીની પધ્ધતિ : NSQF કોર્ષીસ માટે કોમન સ્કીલીંગ નોર્મ્સ હેઠળ નક્કી કર્યા મુજબ પ્રતિ ઉમેદવાર માટેની ટ્રેનીંગ કોસ્ટ સીધા પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન એજન્સીના બેંક ખાતામાં ચુકવી આપવામાં આવે છે, ઈન્ડસ્ટ્રીની માંગ આધારીત નવીન કોર્ષીસ માટે સ્ટીયરીંગ કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ ટ્રેનીંગ કોસ્ટ મુજબ તાલીમ કેન્દ્રને ચૂકવણું કરવામાં આવશે. જેની એસેસમેન્ટ ફી GCVT/KSU દ્વારા નિયત થયેલ દર અનુસાર ચૂકવણી કરવામાં આવશે. | | |
| ૧૮ | ગુજરાત અને અન્ય રાજયો વચ્ચેના સાંસ્કૃતિક સબંધોનો અભ્યાસઃ-<br>ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા દર વર્ષે ભારતના અન્ય રાજ્ય સરકારશ્રીના વિવિધ વિભાગ તેમજ સંસ્થાઓ દ્વારા તેઓના રાજ્યમાં આયોજીત વિવિધ પ્રસંગે ગુજરાત રાજ્યની સાંસ્કૃતિક કલા વારસાથી અન્ય લોકો વાકેફ થાય તથા રાજ્યમાં કલા પ્રવૃત્તિને ઉત્તેજન મળે તે હેતુ થી અન્ય રાજયોમાં કલાવૃંદોને મોકલી પરંપરાગત કલા વારસાની પ્રસ્તુતિ કરી ઝાંખી કરાવવામાં આવે છે.<br>ગુજરાત અને અન્ય રાજ્યો વચ્ચે સાંસ્કૃતિક સબંધોના વધુ વિકસે તે માટે અન્ય રાજ્યના વિવિધ સરકારી વિભાગો, સંસ્થાઓ તેમજ જે-તે રાજ્યમાં વસવાટ કરતાં ગુજરાતી સમાજ દ્વારા તેઓના ખાસ દિવસોની તેમજ વિવિધ તહેવારોની ઉજવણી પ્રસંગે ગુજરાતમાંથી વિવિધ લોકનૃત્યના કલાકારોને તેઓના રાજ્યમાં મોકલી શકીએ તે માટે તેઓ દ્વારા વધુ અરજી મળી રહે તો વધુ કલાકારોને/કલાવૃંદોને અન્ય રાજ્યમાં મોકલવાનું શક્ય બની રહે.<br>આ ઉપરાંત વિવિધ રાજ્યની સંસ્થાઓ/વિભાગો દ્વારા તેઓ દ્વારા આયોજીત કાર્યક્રમની ખૂબ જ ટુંકા સમયમાં અને નજીકની તારીખમાં જાણ થવાના કારણે અત્રેથી વિભાગ કક્ષાએથી મંજૂરી તેમજ તે બાદ કલાકારોને સબંધિત રાજ્યમાં જવા માટે ટ્રેનની કન્ફર્મ ટીકીટ ન મળતી હોવાને કારણે ખૂબ હેરાન થાય છે તે માટે ગુજરાત સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતા કાર્યક્રમમાં જવા માટે કલાકારો માટે ટીકીટ રીઝર્વેશનમાં સ્પેશિયલ કોટા ફાળવી આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવી જોઈએ જેથી કલાકારો સમયસર અને સુરક્ષિત કાર્યક્રમ સ્થળ ઉપર પહોંચી શકે અને ગુજરાત અને અન્ય રાજ્યો વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોને વધુ સારી | રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | કમિશનરશ્રી, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ |

| | | | |
|---|---|---|---|
| | રીતે મજબૂત કરવામાં મદદરૂપ થઈ શકે છે. | | |
| ૧૯ | (૧) વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળની વિદેશ અભ્યાસ લોન યોજના:-<br>યોજનાનો અમલ:- આ યોજના તા.૦૩/૧૨/૨૦૦૧થી શરૂ થયેલ છે.<br>યોજનાનું સ્વરૂપ/લોન સહાયના ધોરણો:- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે મહત્તમ રૂ.૧૫.૦૦ લાખની વિદેશ અભ્યાસ લૉન<br>લાયકાતના ધોરણો : ધોરણ-૧૨ માં ઓછામાં ઓછા ૬૦% ટકા કે તેથી વધુ ગુણ. (NT/DNT, વધુ પછાત, અતિ પછાત માટે 10%)<br>* વિદેશમાં ડિપ્લોમાં, સ્નાતક(ગ્રેજ્યુએટ), અનુસ્નાતક (પોસ્ટ ગ્રેજ્યુએટ), પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં, પી. એચ ડી. તેમજ ઉચ્ચ કક્ષાના તમામ ક્ષેત્રના ૧ (એક) શૈક્ષણિક વર્ષ કે તેથી વધુ સમયના અથવા ઓછામાં ઓછા બે સેમેસ્ટરના અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવશે.<br>* વિદ્યાર્થીએ અરજી વિદેશ જતા પહેલા અથવા વિદેશ ગયાના છ માસ સુધીમાં કરી શકશે.<br>વ્યાજનો દર :વાર્ષિક ૪ ટકા લેખે સાદું વ્યાજ.<br>આવક મર્યાદા : સા. અને શૈ. પ. વર્ગ / SEBC માટે કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૧૦.૦૦ લાખથી ઓછી.<br>પ્રોબલેમ સ્ટેટમેન્ટ અને અને ફેલો પાસે કામગીરીના અપેક્ષિત મુદ્દા<br>૧. વિદ્યાર્થીઓ જે અભ્યાસક્રમો માટે વિદેશમાં જાય છે તેમાં સારી કારકિર્દી ઉપલબ્ધ છે તે નિયત કરવામાં મુશ્કેલી પડે છે.<br>૨. વિદ્યાર્થીઓ જે કોલેજ / યુનિવર્સિટીમાં માં જાય છે તે જે તે દેશમાં માન્ય છે કે નહી તે નિયત કરવામાં મુશ્કેલી પડે છે.<br>૩. વિદ્યાર્થી જે અભ્યાસ ક્રમમાં જાય છે તે ડિપ્લોમા / સ્નાતક /અનુસ્નાતક કક્ષાનો છે. તે નિયત કરવામાં મુશ્કેલી પડે છે.<br>(૨) નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના<br>આ યોજના તા:૦૧/૦૪/૧૯૭૮ થી શરુ થયેલ છે.<br>• આ યોજનાના લક્ષ્ય સ્થાને નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગ વ્યક્તિઓ છે બેરોજગાર હોય એવા શિક્ષિત દિવ્યાંગોને . બેરોજગાર ભથ્થુ અને અને નિરાધાર હોય તેવા વૃધ્ધોને પેન્શનના રૂપે નાણાંકીય સહાય ઉપલબ્ધ કરવા માટે અમલમાં મુકવામાં આવેલ.<br>• ૬૦ થી ૭૯ વર્ષની વયના લાભાર્થીઓને માસિક રૂ.૧૦૦૦/- અને ૮૦ વર્ષ કે તેથી વધુ વયના લાભાર્થીઓને માસિક રૂ.૧૨૫૦/-ની સહાય દર આપવામાં આવે છે. | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, નિયામકશ્રી,સમાજ સુરક્ષા |

| | | | |
|---|---|---|---|
| | ● આ સહાય પતિ અને પત્ની બંન્નેને ૬૦ વર્ષથી વધુ ઉંમરના હોય તો મળવાપાત્ર છે.<br>● આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ગ્રામ્ય કક્ષાએથી E-Gram સેન્ટર પરથી અને શહેરી વિસ્તારમાંથી જન સેવા કેન્દ્ર પરથી અરજી કરી શકે છે.<br>આ યોજનાનો લાભા મેળવવાની પાત્રતા:<br>● અરજદારની ઉંમર ૬૦ વર્ષ થી વધુ હોવી જોઈએ .<br>● દિવ્યાંગ અરજદારના કિસ્સામાં ઉંમર ૪૫ વર્ષ થી વધુ હોવી જોઈએ અને દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકાથી વધુ હોવી જોઈએ.<br>● અરજદારની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/-થી વધુ ન હોવી જોઇએ.<br>● અરજદારને ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર ન હોવો જોઇએ.<br>● અરજદારને પુખ્ત વયનો પુત્ર જો શારીરિક દિવ્યાંગતા અથવા માનસિક અસ્થિરતા ધરાવતો કે કેન્સર, ટી.બી જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય અને કમાવવા અશક્ત હોય તેવા વૃધ્ધો અરજી કરવાપાત્ર છે.<br>● અરજદાર છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત રાજયમાં વસવાટ કરતો હોવો જોઇએ<br>સહાય મંજુર કરવાની સત્તા :<br>● તાલુકા મામલતદાર<br>● આ યોજનામાં સહાય ના-મંજુર થતાં અપીલ સાંભળનાર અધિકારી<br>પ્રાંત અધિકારી<br>પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ<br>આ સહાય મેળવતા લાભાર્થીઓની હયાતીની વાર્ષિક ખરાઇ<br>● હયાતીની ખરાઇ માટે ગ્રામ્ય કક્ષાએ તલાટી માફરત તેમનાં વિસ્તારમાં વૃધ્ધ પેન્શન મેળવતા લાભાર્થી યાદી માંથી કેટલા લાભાર્થી હયાત છે. તેમની વિગત માલતદારશ્રી ને મોકલી આપે તેવુ આયોજન કરી શકાય<br>● લાભાર્થીનાં બેંક એકાઉન્ટ નાં પ્રશ્નો<br>બેંકો મર્જ થવાનાં કારણે લાભાર્થીનાં એકાઉન્ટ નંબર અને **IFSC** કોડ બદલાય તેવા કિસ્સામાં લાભાર્થી માહિતગાર હોતા નથી જેનાં કારણે તે પેન્શનથી વંચિત રહે છે. | | |

| | | | |
|---|---|---|---|
| | • આ બાબતે સંબંધિક બેંક ધારકે જે લાભાર્થી પેન્શન મેળવે છે. તેમનાં એકાઉન્ટ સહાય એકાઉન્ટ માર્ક કરી જયારે આવા પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે લાભાર્થીનાં નવા અપડેટ કરેલ એકાઉન્ટ નંબર જુના એકાઉન્ટ નંબર સાથે જો મામલતદારશ્રીની કચેરીને મોકલી આપવામાં આવે તો આ પ્રશ્નનું સમાધાન થઇ શકે તેમ છે.<br>• ડોર સ્ટેપ પેમેન્ટની વ્યવસ્થા<br>• આ સહાયનાં લાભાર્થીઓ નિરાધાર હોય છે. તેમનાં પરિવારમાં કોઇ હોતું નથી જેનાં કારણે જે વિસ્તારમાં તેઓ રેહતા હોય છે ત્યાથી જો તેમની બેંક દુર હોય તો તેમને સરકારશ્રી દ્વારા મળેલ સહાયની રકમ ઉપાડવા માટે ડોર સ્ટેપ સુવિધા હોયતો તેમને મળતી રકમ સરળતાથી તેઓ મેળવી શકે.<br>આધાર બેઝ પેમેન્ટમાં આધાર ડી-સીડ થવાથી સહાયની રકમ પરત આવે છે.<br>• આ યોજનાં ૧૦૦ % આધાર બેઝ પેમેન્ટનો લક્ષાંક છે. આ બાબતે જયારે લાભાર્થીનું આધાર ડી-સિડ થાય ત્યારે તેમાનાં એકાઉન્ટમાં ટ્રાન્સ્ફર કરેલી સહાયની રકમ પરત આવતી હોય છે. જેની લાભાર્થી ને જાણકારી હોતી નથી. આ માટે લાભાર્થીનું જે બેંકમાં એકાઉન્ટ હોય તેને સહાય એકાઉન્ટમાં તબદીલ કરી તેને બેંક મારફત સત્વરે આધાર સિડંગિ કરી આપવામાં આવે તો આ પ્રશ્નનું નિરાકરણ લાવી રકાય છે.<br>• લાભાર્થી ની ઓળખ :<br>આ સહાયનો વ્યાપ વધારવા માટે પ્રચાર પ્રસારનાં માધ્યમ ઉપરાંત સ્થાનિક સત્તા તંત્ર દ્વારા પાત્રતા ધરાવતા લાભાર્થીઓની આળખ કરી તેમને સહાય મેળવવા માટે જરૂરી આધાર પુરાવા સરળતાથી ઉપલ્બ્ધ કરાવવામાં મદદરૂપ તાય તેવું માળખુ વિકસાવવામાં આવે<br>• પ્રોજેકટ ઓફિસરની નિમણંક :<br>આ યોજનાનું અમલીકરણ મહેસુલ વિભાગ મારફત કરવામાં આવે છે. આ યોજનાંઅમલી કરણ માટે તાલુકા મામલતદાશ્રીને મદદરુપ થવા જો પ્રોજેકટ ઓફિસરની નિમણુંક કરવામાં આવેતો આ યોજનાંનાં અમલીકરણ માં સરળતા લાવી શકાય છે | | |
| ૨૦ | Lively hood in tribal Area<br>- ગુજરાત રાજયમાં આદિજાતિ સમુદાયો અંબાજીથી લઇને ઉમરગામ સુધીની રાજ્યની પૂર્વ પટીમાં વસવાટ કરે છે. ઉત્તરમાં | આદિજાતિ વિકાસ વિભાગ | કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ |

| | | | |
|---|---|---|---|
| | બનાસકાંઠા જિલ્લાથી રાજ્યના દક્ષિણ ભાગમાં વલસાડના ઉમરગાંમ સુધી આદિજાતિ સમુદાયો મોટાભાગે અતરીયાળ ગ્રામીણ અથવા વન વિસ્તારોમાં વસવાટ કરે છે. આદિજાતિ સમુદાય મુખ્યત્વે કૃષિ આધારિત આર્થિક પ્રવૃતિઓ પર નિર્ભર છે.ઘણા આદિજાતિ પરિવારો આજીવિકાની શોધમાં શહેરી વિસ્તારોમાં પણ સ્થળાંતર કરે છેજેઓમોટાભાગે દૈનિક વેતન પર અસંગઠીત બાંધકામ ક્ષેત્રમાં મજુરી કામ કરે છે. સ્થળાંતર કરનારા આ આદિજાતિ પરિવારો ઘણી વખત આંગણવાડીઓ, પ્રાથમિક શાળાઓ, આરોગ્ય કેન્દ્રો વગેરે જેવી સુવિધાઓના લાભોથી વંચિત રહી જાયછે, જે સરકાર દ્વારા તેમના ગામોમાં આપવામા આવતી હોઇ છે. આ કારણોસર આવા સ્થળાંતરીત આદિજાતિ પરીવારોમાં કુપોષણઅને સાક્ષરતાનું સ્તર નીચુ થતું જાય છે.<br>આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિજાતિ પરિવારો માટે ટકાઉ અને લાંબાગાળાની આજિવિકાની તકોનુ નિર્માણ કરવા માટે આજિવિકા ક્ષેત્રે અનેકવિધ યોજનાઓ/પ્રોજેકટમો અમલ કરવામાં આવે છે પરિણામ સ્વરૂપ આદિજાતિ પરિવારોની આવકમાં વૃધ્ધિ થાય સાથોસાથ આજિવિકાની શોધમાં થતા સ્થળાંતરમાં ઘટાડો થવાના કારણે અનુસુચિત આદિજાતિ વિસ્તારોમાં સરકારશ્રી દ્વારા ઉભી થતી સવલતોથી પણ તેઓ લાભાન્વિત થઇ શકે. પરિવારની આર્થિક ચિંતાઓ દુર થતાં આવા આદિજાતિ પરીવારોના બાળકો/ યુવાનો માટે શાળા અને કોલેજનુ શિક્ષણ પણ સુનિશ્રિત થાય છે. આદિજાતિ પરીવારો માટે આજિવિકાની તકોનું નિર્માણ કરવાની દિશામાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલીત કેટલાક મુખ્ય ઉપક્રમો નીચે મુજબ છે:<br>1. સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ:- આ પ્રોજેકટ દ્વારા દુધાળા પશુઓના વિતરણ થકી પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહિત કરીને આજિવિકાની તકોનુ નિર્માણ કરવામાં આવે છે.<br>2. કૃષિ વૈવિધ્યકરણતથા કૃષિ યાંત્રિકીકરણ:- આ પ્રોજેકટ થકી આદિજાતિ ખેડુતોને ગુણવત્તાયુકત બિયારણ અને ખાતરનુ વિતરણ કરી વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા તાલીમ આપવામાં આવે છે તથા કૃષિ યાંત્રિકીકરણ માટે સાધન સહાય થકી ખેત ઉતપાદનમાં વધારો થતાં આદિજાતિ પરિવારોની આવકમાં વૃધ્ધિ થાય છે.<br>3. ચેકડેમ અને ઉદ્વવહન સિંચાઇ યોજના તથા સોલાર પંપ આધારીત સિંચાઇ કુવા: અનુસુચિત આદિજાતિ વિસ્તારમાં આદિજાતિ ખેડુતો માટે આ યોજના થકી સિંચાઇની સુવિધાઓનુ નિર્માણ કરવામાં આવે છે, જેથી આદિજાતિ ખેડુતો વર્ષમાં ઓછામાં ઓછા બે પાક લઇ | | |

| | | | |
|---|---|---|---|
| | શકે અને તેઓની આવકમાં વધારો સુનિશ્ચિત કરી શકાય છે.<br>4. વ્યાવસાયલક્ષી તાલીમઃ જિલ્લાકક્ષાએ ૨૧ વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રોના માધ્યમથી પ્રતિ વર્ષ અંદાજે ૮,૦૦૦ થી ૯,૦૦૦ આદિજાતિ યુવક-યુવતીઓને વ્યવસાયલક્ષી તાલીમ પુરી પાડી તેઓ માટે રોજગારની તકોનું નિર્માણ કરવામાં આવે છે.<br>5. જિલ્લાકક્ષાએ સ્વસહાય જુથો, મંડળીઓના માધ્યમથી મરઘા ઉછેર, બકરા ઉછેર અને કલા કોશલ્યના માધ્યમથી પણ આદિજાતિ પરિવારો માટે આજિવિકાની તકોનુ નિર્માણ કરવામાં આવે છે.<br>ફેલોશિપ દરમિયાન ફેલો દ્વારા ઉકત યોજનાઓની અસરકારકતા વધારવા, આદિજાતિ વિસ્તારોમાં આજિવિકાના અન્ય સ્ત્રોત શોધી કાઢી નવા પ્રોજેકટ/યોજનાઓ થકી આદિજાતિ પરિવારોની આવક વધારવા નવી યોજનાઓ સુચવવા તથા આજિવિકાના ક્ષેત્રમાં નિતિવિષયક ફેરફારો માટે સુચનો કરવામાં આવે તે અપેક્ષિત છે. | | |

(પરિશિષ્ટ–૩)

ફેલોની તાલીમ

સુશાસન નીતિ–નિર્માણને વધારવાના ઉદ્દેશ્યથી ફેલોશિપ પ્રોગ્રામના અમલીકરણની સુવિધા માટે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ, IIM, અમદાવાદ વચ્ચે જરૂરી MOU કરવાના રહેશે.

કાર્યક્રમની વિગતો: સીએમ ફેલોશિપ પ્રોગ્રામ

સમયગાળો : બે અઠવાડિયા

સ્થળ : સ્પીપા, અમદાવાદ

સહભાગીઓ: કાર્યક્રમ દીઠ ૨૦, જો કે વાસ્તવિક જરૂરિયાત સમયસર નક્કિ કરવામાં આવશે.

ફેલોશિપ પ્રોગ્રામમાં સ્પીપાની ભૂમિકા:–

સ્પીપાની ભૂમિકા નીચે મુજબ છે :

તાલીમ પ્રદાતા: SPIPA ફેલોને તાલીમ આપશે.

વહીવટી સમર્થન: SPIPA કાર્યક્રમની સરળ કામગીરીમાટે વ્યાપક વહીવટી સમર્થન આપશે.

ઓરિએન્ટેશન પ્રોગ્રામ: SPIPA ફેલોને પ્રોગ્રામના ઉદ્દેશ્યો, અપેક્ષાઓ અને સંસ્થાકીય માળખાથી પરિચિત કરવા માટે એક ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરશે.

તાલીમનો સમયગાળો: ફેલો સ્પીપા દ્વારા આયોજિત એક સપ્તાહના તાલીમ કાર્યક્રમમાંથી પસાર થશે અને આ તાલીમ સંભવતઃ શાસન, નીતિ–નિર્માણ અને સેવા વિતરણના વિવિધ પાસાઓને આવરી લેશે.

ફેલોશિપ પ્રોગ્રામની સફળતા અને અસરકારકતાને સુનિશ્ચિત કરવા માટે તાલીમ, વહીવટી સહાય અને અભિગમ પ્રદાન કરીને પ્રોગ્રામમાં SPIPA ની સહભાગીતા એક મૂલ્યવાન પરિમાણ ઉમેરે છે.

- ફેલોશિપમાં **IIM-** અમદાવાદની ભૂમિકા

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદ **(IIM-A)** ફેલોની પસંદગી અને તાલીમ સાથે સંકળાયેલા કાર્યક્રમમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. **IIM-** અમદાવાદ, એક શૈક્ષણિક ભાગીદાર તરીકે, ફેલોને મેન્ટરશિપની ઍક્સેસ પ્રદાન કરશે. આ સંદર્ભમાં **IIM-** અમદાવાદની ભૂમિકાઓ અને જવાબદારીઓની ઝાંખી નીચે મુજબ છે :

- **IIM** અમદાવાદ દ્વારા વ્યક્તિગત નિવેદનનું મૂલ્યાંકન
- પસંદગી સમિતિ **(SC): IIM** -અમદાવાદના નિષ્ણાત પેનલિસ્ટ તરીકે સમિતિનો એક ભાગ છે. આ સમિતિ ફેલોની અંતિમ ભલામણ માટે જવાબદાર રહેશે.
- તાલીમ કાર્યક્રમ

- સમયગાળો: તાલીમ કાર્યક્રમ એક સપ્તાહ(દિન–૦૫).
- સત્રો: દરરોજ ચાર સત્રો રહેશે. દરેક ૧ કલાક અને ૧૫ મિનિટ.
- અધ્યાપન પદ્ધતિ: પ્રોગ્રામ ઇમર્સીવ શિક્ષણ માટે "કેસ પદ્ધતિ" નો ઉપયોગ કરે છે

- ફેલો મૂલ્યાંકન:
  - **IIM-** અમદાવાદ  તેમના કાર્યકાળ દરમિયાન ફેલોના મૂલ્યાંકનમાં પણ સામેલ રહેશે. મૂલ્યાંકન પ્રક્રિયામાં સંભવતઃ કાર્યક્રમ દરમિયાન ફેલોની સહભાગિતા,  યોગદાન અને એકંદર વિકાસ સંબંધિત માપદંડોનો સમાવેશ થાય છે.

પુરસ્કાર પ્રમાણપત્ર:

- ફેલોનો કાર્યકાળ પૂર્ણ થયા પછી,  **IIM-** અમદાવાદ  ફેલોશિપ પ્રમાણપત્ર આપવા માટે ગુજરાત સરકાર સાથે સહયોગ કરશે.

-ફેકલ્ટી સંશાધનો

પ્રોફેસર સતીશ દેવધર **IIM-** અમદાવાદના ડીન (ફેકલ્ટી) અને અર્થશાસ્ત્રના પ્રોફેસર છે. તેમણે ગોખલે ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિક્સ એન્ડ ઇકોનોમિકસમાંથી અર્થશાસ્ત્રમાં સ્નાતક અને અનુસ્નાતક અને ધ ઓહિયો સ્ટેટ યુનિવર્સિટીમાંથી કૃષિ અર્થશાસ્ત્રમાં પીએચડી કર્યું છે ઉપરાંત ફૂડ ડિસ્ટ્રિબ્યુશન રિસર્ચ સોસાયટી,  યુએસએ તરફથી ઉત્કૃષ્ટ પીએચડી નિબંધ પુરસ્કાર પ્રાપ્તકર્તા છે. તેઓ **IIM-** અમદાવાદ તરફથી મુખ્ય ભૂમિકા ભજવશે.

(with General Administration Department G.R. No-GAD/MSM/e-file/1/2023/7162/ARTD2 dated. 24/11/2023)

## ANNEXURE-4

## UNDERTAKING

I……………………………………………………Age.......Residence:…………..

……………………………………………………..solemnly affirm & declare on Oath that:

I have been offered to join fellowship under the Govt. of Gujarat Sardar patel good governance C.M's Fellowship Program. I hereby abide myself that during the fellowship and attachment with my allotted Head of the department or during the interaction with the C.M's office and even after the completion of my fellowship program, I shall not divulge or disclose any information which comes to my knowledge during this period.

I hereby also state that I have carefully read the guideline of Sardar patel good governance C.M's fellowship and I am agree with the Terms and conditions of it.

I hereby also state that neither myself nor any of my family members are involved with any political or unlawful organization.

I have also been made to understand that this Affidavit can be and shall be used against me for legal proceedings as and when I breach the above undertaking.

In testimony I hereby sign and execute the affidavit before notary..... ...........in my full conscious and without any pressure or coercion at my own will on _____ day of month of 2023

_____________________

Notary

Day/Date_____________